માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૪ ● મે ૨૦૨૫
Volume no. 18, Issue No. 214 May 2025




પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





અમદાવાદ મંદિરમાં રામનવમીના  શ્રી હરિ પ્રાકટ્યોત્સવની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સભામંડપમાં અખંડ ધૂન કરતા સંત - હરિભક્તો.






અમદાવાદ શાંતિગ્રામ (અદાણી)માં અદ્વિતીય નૂતન ‘‘મંદિર’’નું સંતો સહિત નિરીક્ષણ કરતા પ.પૂ.મહારાજશ્રી





શ્રી હનુમાન જયંતી (પૂનમ)ના અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાનજી અને શ્રી ગણપતિજીના સિંહાસનમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરતા અને દર પૂનમે યોજાતી સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૪ ● મે-૨૦૨૫

## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૦૬

૦૪. શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭મા વંશજના મુખેથી અમૃતવચનો ૦૮

૦૫. ગોરસીયા સેવા ફાઉન્ડેશન ૧૩

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૨૧

૦૭. ભક્તિસુધા ૨૨

૦૮. ''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૪

૦૯. સત્સંગ સમાચાર ૨૬

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

આપણે બધાએ સુખી થવું છે, દુ:ખ કોઈને ગમતું નથી. આપણા સુખને માટે મહારાજે ખૂબ વિચારીને 'શિક્ષાપત્રી' લખી છે. જે મનુષ્યો સદાચારનું પાલન કરે છે, તેઓ આ લોકમાં અને પરલોકમાં મહા સુખને પામે છે. મોટું સુખ એટલે બ્રહ્માદિકના સુખ કરતાં પણ અતિ અધિક મહાસુખ મેળવે છે. એમ મહારાજે શિક્ષાત્રીના શ્લોક૦૮ માં કહ્યું છે.

સદાચાર એટલે શું ? સારો આચાર જે શાસ્ત્રમાં અને લોકમાં વખણાયેલ હોય તેનું નામ સદાચાર.

યમનિયમનું પાલન કરવાનું ભાગવતમાં કહ્યું છે, અહિંસા, સત્ય, અસ્તેય, અસંગ, લજ્જા, અસંચય, આસ્તિકપણું, બ્રહ્મચર્ય, મૌન, સ્થૈર્ય, ક્ષમા અને અભય એ બાર યમો છે.

બાર નિયમો શૌચ (આંતર-બાહ્ય), જપ, તપ, હોમ, શ્રધ્ધા, આતિથ્ય, દેવ પૂજન, તીર્થાટન, પરમાર્થની ઈચ્છા, સંતોષ અને આચાર્ય સેવા એ પ્રમાણે ભાગવતમાં કહેલા છે.

આ યમનિયમોની ઉપાસના કરવાથી મનુષ્યોના ઈચ્છિત મનોરથો પૂર્ણ થાય છે. મહારાજે શ્લોક-૯ માં એમ પણ કહી દીધું છે કે, જે મનુષ્યો પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે (દુર્બુદ્ધિવાળા) તે સદાચારોનું ઉલ્લંઘન કરીને મરજી મુજબ જીવે છે, તે લોકો આ લોક અને પરલોકમાં મોટા દુ:ખને જ પામે છે.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે ''જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને ઈચ્છા પ્રમાણે વર્તે છે, તે સિદ્ધિને પામતો નથી. સુખ કે મોક્ષ ગતિને પામતો નથી.

તેથી મહારાજે જેને સુખિયા-મહાસુખિયા થવું હોય તેને સાવધાનપણે, આદર પૂર્વક, કાયમ માટે (નિરંતર) શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તન કરવું તેવી આજ્ઞા કરી છે.

મહારાજે આજથી બસો વર્ષ પહેલા આપણે કેમ સુખી થઈએ તેની ચિંતા કરી છે. લેખિત દસ્તાવેજ આપ્યો છે. તો આપણે એમની આજ્ઞાનું પાલન કરી શિક્ષાપત્રીના બસો વર્ષને ''સમૈયો''ના રૂપે ઉજવવા હર્ષ ભેર તૈયાર રહીએ.

આપણા દેશમાં અત્યંત દુ:ખદ ઘટના બની. કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓએ નિર્દોષ એવા ૩૦ લોકોને મોતને ઘાટ ઉતાર્યા તે જાણી આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, સમગ્ર ધર્મકૂળ અને લાખો સંત-હરિભક્તોને ખૂબજ દુ:ખ થયું છે. તેમના પરિવારને ભગવાન શ્રીહરિ ધૈર્ય અને બળ આપે, ભગવાન શ્રીહરિને પ્રાર્થના છે કે હવે આંતકવાદીનો અંત આવે અને સમગ્ર દેશ અને દુનિયા આવા દુષ્ટોને કડકમાં કડક સજા આપે.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(એપ્રિલ-૨૦૨૫)**

૨-૩ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિરકાલુપુર રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન અખંડ મહામંત્ર ધૂનમાં પધાર્યા. બપોરે ૧૨-૦૦ કલાકે ભગવાન શ્રી રામ જન્મોત્સવ આરતી ઉતારવા પધાર્યા.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપર (કચ્છ) પધરામણી.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર એકાદશી દર્શનાર્થે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ખારા દેવીયા (મોડાસા) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૨ પૂનમના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સત્સંગ સભા પ્રસંગે પધરામણી. સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજીની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૩ થી ૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી, બળદીયા (કચ્છ) કથા પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર બાયડ પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯ થી ૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલીયા) બ્લેકટાઉન ૨૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી. પર્થ (ઓસ્ટ્રેલીયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ખોલડીયાદ (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(એપ્રિલ-૨૦૨૫)**

૫ અસારવા (શ્રી સ્વામિનારાયણ વાડી ગુરુકુળ) વિર હનુમાનજીના સાંનિધ્યમાં આયોજીત રામચરિત્ર માનસ કથા પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર રામનવમીના અક્ષરભુવન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો. રામનવમીના રાત્રીય રાસ ગરબા, લાઈટ શો અને પ્રાકટ્યોત્સવની આરતી પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૩-૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ થી ૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (બ્લેક ટાઉન) ૨૦ માં પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭ રાપર (કચ્છ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં આયોજીત વિજયસ્તંભ સ્થાપના પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ

# સમૈયો ના ઉપલક્ષમાં ॥ શિક્ષાપત્રી ॥




कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्धया कदाचन ॥११॥

**અમારા આશ્રિતોએ કોઈ પણ પ્રાણીની હિંસા આ (વિશ્વમાં) ક્યારેય પણ કરવી નહિ, અને (વધુમાં) બુદ્ધિપૂર્વક તો સૂક્ષ્મ એવા જૂ, માંકડ, ચાંચડ વગેરેની પણ (હિંસા કદી ન કરવી) ॥૧૧॥**

કર્મવિપાકના સિદ્ધાન્તને અનુસરતા આ વિશ્વમાં ચતુર્થ પુરુષાર્થ મોક્ષના અધિકારી થાય તથા નિઃશ્રેયસ પ્રાપ્ત કરે એ હેતુથી પોતાના આશ્રિતો માટે અહીંથી શ્રીહરિ ચારે વર્ણોને સામાન્ય એવા સાધારણ નિયમો દર્શાવે છે. ''अहिंसा परमो धर्मः'' એ સૂત્ર પ્રમાણે, સૌ પ્રથમ જીવમાત્રની હિંસાથી દૂર રહેવું એ મહાન ધર્મની અહીં સ્પષ્ટતા કરી છે.

જે વસ્તુનો નિષેધ કરવામાં આવ્યો હોય તે જો કરવામાં આવે તો વધુ પાપ લાગે છે, માટે હિંસાકાર્ય નિષિદ્ધ હોવાથી કોઈપણ સત્સંગીએ જીવહિંસા કરવી નહીં, એવી અહીં સ્પષ્ટ આજ્ઞા છે. મોટા જીવોની હિંસા તો કરવી જ નહીં પણ જાણી જોઈને તો માંકડ મચ્છર વગેરેને પણ ન મારવા જોઈએ.

શ્રુતિ કહે છે : ''न हिंस्यात् सर्वभूतानि'' પ્રાણીઓની હિંસા કરવી નહી.

બુદ્ધિપૂર્વક તો નાનામાં નાના જન્તુને પણ ન હણાય. એ શક્ય છે કે જીવન વ્યવહાર દરમ્યાન ચાલતાં, ઉઠતાં, બેસતા નાના જન્તુઓ હણાઈ જાય પણ તે અજાણે થયેલ પાપ છે. 'अज्ञानात् हि कृतं पापम् तपसा परिहीयते'। અજાણે થયેલ પાપ દૂર કરી શકાય છે પણ 'बुद्धया कृत्तं तु यत्पापं' છે તે માટે કઠોરતમ નરકાદિનું વિધાન છે.

અહીં પ્રશ્ન થઈ શકે કે : સ્મૃતિમાં કહ્યું છે. 'आत्मने द्रह्यतो द्रोहो न दोषाय भवेत् नृणाम्' અર્થાત્ જો આપણા પર આફત આવે તો દ્રોહ કે હિંસા કરવામાં દોષ નથી. તો શું એ પ્રમાણે હિંસા કરવી ? જો કોઈ આપણને હણવા આવે તો ચૂપ રહેવું કે સામે હણવા ઉદ્યત થવું ? ઉત્તર એ છે કે સ્પષ્ટતા સ્મૃતિમાં જ જોઈ શકાય – ''नाततायिवधे दोषः ।'' આતતાયીનો વધ કરવામાં દોષ નથી. જે શસ્ત્ર લઈને આપણને મારવા આવે, જે શાપ આપવા તૈયાર થયો હોય, જે આપણી ભાર્યા પર આક્રમણ કરે, જે આપણા દોષો જ જોયા કરે, જે વિષ આપે, જે મકાનને આગ લગાડે એ બધા

આતતાયીઓ છે અને તેમને મારવામાં લગીરે દોષ નથી, એમ સ્મૃતિ કહે છે.

અહિંસાનો સિદ્ધાંત અત્યન્ત મહાન છે, અને ભારતમાં જ આ સિદ્ધાંત જનમ્યો અને પ્રચલિત થયો. વૈદિકકાળથી જ અહિંસા, સત્ય અસ્તેય વગેરે નિયમો-ધર્મો જીવનમાં સ્થાન પામી ચૂક્યા હતા. જીવમાત્રના સર્જક પ્રભુ છે, અને જેમ આપણને જીવવાનો હક્ક છે તેમ અન્ય પ્રાણીઓને પણ છે. જેમ આપણને વ્યથા થાય છે, તેમ અન્ય પ્રાણીઓને થાય છે. આપણને સહેજ વાગે અથવા કોઈ અનિષ્ટોનો ભય લાગે ત્યારે જે દશા થાય છે તેજ દશા અન્ય પ્રાણીની પણ થાય છે. માટે સર્વ જીવો પ્રત્યે દયા મમતા રાખવી જોઈએ. સાથે જ એ પણ યાદ રાખવું જોઈએ કે આ સિદ્ધાંતના પાલનમાં આપણે ગફલતમાં ન રહીએ. ઈશુખ્રિસ્ત પોતે અહિંસામાં માનતા હતા, એક ગાલ પર કોઈ તમાચો મારે તો બીજા ગાલને ધરવાનું કહેતા, પણ ઈસાઈઓએ જગતમાં સૌથી વધુ હિંસા કરી છે. કારણ કે ધર્મ, રાષ્ટ્ર, ન્યાય અને જ્ઞાન માટે ક્યારેક હિંસા માટે કટિબદ્ધ થવું પડે એમ ઈતિહાસ કહે છે વળી વિશ્વમાં બધી પ્રજાઓ શાણી નથી, કેટલાક યુદ્ધખોરો છે, આક્રમણ કરનારાઓ છે. એવા ક્રૂરોની વચ્ચે રહેવા માટે હિંસા નહીં તો બળ અંગે ફટાટોપ તો રાખવો જ જોઈએ. નિર્દોષ જીવોને ન મારવા. ઈશ્વરની સૃષ્ટિમાં બધાને જીવવાનો હક્ક છે. માંસાહાર માટે પ્રાણીવધ ન કરવો, મનોરંજન, વેપાર વગેરે માટે જીવહત્યા ન કરવી. પણ દેશ, ધર્મ, ન્યાય, જ્ઞાન વગેરે માટે તો, ફરજ પાડવામાં આવે તો હિંસાનો દેખાવ કરવો પડે છે એમ અહિંસાના પ્રચારકો પણ માને છે. અશક્તની અહિંસા, અહિંસા નથી. વીરજ અહિંસાનું સાચું પાલન કરી શકે છે.

''તતસર્વ વૈ હરેઃ તનુઃ'' સમગ્ર જીવ જગત શ્રીહરિનું જ સ્વરૂપ છે એમ માનીને હિંસાથી હમેશા દૂર રહેવું. ભાગવતમાં કહ્યું છે -

तस्मान्नकस्यचित् द्रोहमाचरेत् स तथाविधः ।

आत्मनः क्षेममन्विच्छन् द्रोग्धुर्वै परतोभयम् ॥

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |
| **કાયમી અનામત થાળ** | | **રૂા. ૧૦,૦૦૦/-** |
| **કાયમી અનામત થાળ (સાંજના)** | | **રૂા. ૫,૦૦૧/-** |

**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૧૦૦૦/-**

**Mo. : 8238001666**



# શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭મા વંશજના મુખેથી
# અમૃતવચનો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રી, જેતલપુર મંદિરના ૧૯૯ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૨૨-૦૩-૨૦૨૫ :** બળદેવજી દાદાના સાંનિધ્યમાં આપણે ભાગ્યશાળી કેટલા છીએ કે **અમદાવાદ, ભુજ, મૂળી, જેતલપુર અને ધોળકા, નવમાંથી પાંચ મંદિર મહારાજે આપણને દેવો આપ્યો છે, જે પ્રત્યક્ષ છે, આ પ્રત્યક્ષ દેવ છે.**

મહારાજે જે આજ્ઞા કરી છે એ બહુ સમજવા જેવી વસ્તુ છે પણ આપણે રોજ સાંભળીએ એટલે અસર બંધ થઈ ગઈ. **મહારાજે કીધું કે અમે આપેલી જે મૂર્તિ છે. નરનારાયણદેવ, જેનો મહિમા જેતલપુરના વચનામૃતમાં ઠુસી ઠુસીને ભર્યો છે.** પણ હવે વાંચન ઓછું થઈ ગયું. મેં સ્વામીને કહ્યું, **આપણે ઓડિયો બુક કરો, ખાલી જેતલપુરના વચનામૃતનો, બીજા એકેયનો નહિ.** કારણ કે બીજા એકેયના કરતા હોય એ કરીએ એનો મહિમા છે. બધા કરે ને કરીએ એનો મહિમા નથી. એ તો ઘેટા બકરાનું કામ છે. **જેતલપુરમાં મહારાજે દેવનો જેટલો મહિમા કીધો છે. હવે બીજું બધું વાંચવાનું બંધ થઈ ગયું છે પણ આમાંથી કાનમાં ભરાવી રાખે એટલે મળી રહે.**

છેલ્લા ૨-૩ દિવસથી હું જોતો હતો, જે હરિભક્તોએ સેવા કરી છે, તમે બધા ખૂબ ભાગ્યશાળી છો. આવા ઉત્સવો રોજબરોજ આવતા નથી. **આપણા ઉત્સવોથી આજુબાજુના વિસ્તારમાં આપણી શ્રદ્ધા, આપણા વિશ્વાસનું એક નવનિર્માણ, જીર્ણોદ્ધાર થાય, પાછું તાજું થાય અને એ જરૂરી છે.** હમણા જ જી.કે. પટેલ, દશરથભાઈને મેં કીધું, ઉત્સવ પહેલા એક વર્ષ બાકી રહે ત્યારે ઠરાવ કરવાનો હોવાથી બાકી રાખેલો છે. એટલે હવે ઠરાવ થશે. કમિટીમાં મે ટ્રસ્ટીઓને કીધું, **આ ઉત્સવમાં જે બચત થાય તેનો છપૈયામાં આપણે ઉપયોગ કરીએ આપણા નવ મંદિર પછી દસમું મંદિર છપૈયા છે. જે કોઈની પાસે નથી. શિક્ષાપત્રીના સમૈયામાં પણ જે બચત થશે એ પણ છપૈયામાં વપરાશે. આ બધુ જેટલુ છે ને એ બધુ દેવનું છે. હું તમે, ગમે તે હોઈએ. આપણે બધા દેવ થકી રૂડા છીએ. દેવને માઈનસ કરી નાંખીએ તો કોઈનું ઠેકાણું પડે તેવું નથી.**

મહારાજે આપણા ઉપર એટલી કરુણા અને કૃપા કરી છે. વિચાર કરો, અમદાવાદમાં મેં વાત કરી હતી, આમાંથી ઘણા ત્યાં હશે. ૧૯૮૧ માં આપણે દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવ્યો. વડીલો બેઠા હશે કોક, હું તો નાનો હતો. આત્મપ્રકાશ સ્વામીને એ બધા યંગ હતા. બહુ દોડતા હતા. **મોટા મોટા દિગ્ગજ સંતો હતા બધા.** હવે વિચાર કરીએ કેટલા વર્ષો પછી શિક્ષાપત્રી ઉત્સવ આવ્યો ? ૮૧ અને ૨૬ એટલે વચ્ચે ૪૫ વર્ષ થયા ? ૪૫ વર્ષ પછી મહારાજે શિક્ષાપત્રી લખી. આ બહુ સમજવા જેવા વસ્તુ છે. ૧૯૪૭ પછી **Constitution of India** (ભારતનું રાજ બંધારણ) ફટા ફટ ચાલુ થઈ ગયું. તમે 'લો' (કાયદો, ધારો) ના છો રાજનભાઈ ! **મહારાજે ૪૫ વર્ષના અનુભવનું તારણ કાઢીને શિક્ષાપત્રીનું બંધારણ આપ્યુ છે.** આમ કરો ને તેમ કરો એવું ફટ કરીને લખી દીધું નથી. ૪૫ વર્ષમાં તિલક ચાંદલો ને કંઠી, હરિભક્તો હશે જ નહિ કોઈ ? વસ્તુ એ છે કે આ દેવ, આ ભગવાન એવા બળિયા છે કે ભગવાન જે દ્રષ્ટિ કરે, જુએ એ દ્રષ્ટિને જોઈને દાદા ખાચર હોય કે બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી હોય **એ બધા સંતો ભક્તો મહારાજની આંખ જોઈને સમજી જતા હતા કે મહારાજને શું ગમે છે ને શું નથી ગમતું ? શિક્ષાપત્રીની જરૂર જ નહોતી પડતી, પછી મહારાજે કીધું કે હું આ મનુષ્ય દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં જઈશ પછી પ્રત્યક્ષ પૃથ્વી ઉપર મારી વાણી એ મારું સ્વરૂપ છે એ મહારાજે પોતે કીધું છે. એટલે શિક્ષાપત્રી સ્વરૂપે મહારાજ આજે પ્રત્યક્ષ છે.**

મહારાજે અમદાવાદનું મંદિર કર્યું પછી ઠરાવ એવો પણ થયેલો છે, આજે પણ મ્યુઝિયમમાં એ ઠરાવનો કાગળ છે કે હવે મંદિરો કરવા નહિ. હવે પછી જે ધનાઢ્ય હરિભક્ત હોય તેના ઘેર નરનારાયણદેવની મૂર્તિ અને શિક્ષાપત્રી એ બે વસ્તુ રાખવી અને ત્યાં જઈને બધા ભક્તજનોએ પૂજા કરવી. આ વસ્તુ લખાણમાં છે. પછી બધા હરિભક્તોએ કીધું, ના મહારાજ આવું નહી. અમારા નગરમાં પણ મંદિર કરો, કરો, કરો. એ વખતે અમદાવાદનું મંદિર કરવામાં જ આંટા આવી ગયેલા. **એ વખતે મંદિરો કરવા એ બહુ અઘરું હતું. આજે બહુ સરળ છે.** આજે ગાદી તકિયા ગાલ મશુરિયા છે, વિચાર કરો, તમારી ત્રણ પેઢી પહેલા આપણી પરિસ્થિતિ શું હતી ? ત્રણની સાલ મૂકોને, એક કે બે પેઢી પહેલાનું જ જુઓને. **સુખી થયા એની પાછળનું કારણ આપણી પરંપરા છે. આપણા સિદ્ધાંતો છે. મહારાજે આપેલી આજ્ઞાઓમાં જેટલું રહી શક્યા છીએ એના કારણે સુખી થયા છીએ.**

**મહારાજે વારે વારે કીધું છે, જે મેં શરૂઆતમાં કીધું કે આ ધાતુ પાષાણ કે ચિત્રામણની મૂર્તિ નથી. તેમાં સહેજેય સંશય રાખવો નહી. આમાં અમે પ્રત્યક્ષ રહ્યાં છીએ, પ્રત્યક્ષ રહ્યાં છીએ. રેવતી બળદેવજીમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ, નરનારાયણદેવમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ, રાધાકૃષ્ણદેવમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ. આ બધો દેવનો મહિમા છે, આપણો નથી.** આપણે માત્ર સાધન છીએ. તન, મન, ધન સમયની સેવા કરીએ છીએ તેમાં આપણે સાધન છીએ પણ મુખ્યપણું દેવનું છે. દેવ થકી આપણે સૌ રૂડા છીએ. માટે ખૂબ ખટકો રાખીને સત્સંગમાં રહીએ.

હમણા અમે લાલજી મહારાજશ્રી સાથે વાત કરતા હતા કે આગળ ભવિષ્યમાં ચેલેન્જીસ (પડકાર) ઘણા બધા છે. આજે ૨૦૨૫ છે. આગળ ૨૦૫૦ પછી, ૨૦૭૫ પછી ચેલેન્જીસ શું હશે ? અત્યારે છોકરો હોય કે બાપ હોય, ટેલિફોનથી કે મેસેજથી કદાચ પૂછી લે કે ખાધું ? ત્યાં સુધી જ આવ્યું છે. પછી ખબર નહી શું આવશે ? **માણસ માણસ પ્રત્યેનું અંતર વધ્યું છે.** કોવિડ પછી સર્વે થયેલો તેનું તારણ હતું કે ઓફિસ જતા હતા ત્યારે માણસ માણસ જોડે શું વાત કરવી એ ભૂલી ગયા હતા. બસ, કોવિડમાં આમ થયું, તેમ થયું, એ સિવાયની બીજી વાત કરવાનું ભૂલી ગયા હતા. વાત કર્યા વિના હેત ક્યાંથી થશે ? **મહારાજે સત્સંગમાં આપણને શીખવ્યું છે કે આચાર્ય, સંતો, હરિભક્તો, ભાઈઓ-બહેનો, દીકરા-દીકરીઓ બધાએ અરસ પરસ હેત, પ્રેમ લાગણી રાખવી.**

અમે જીમમાં લાલજી મહારાજશ્રી સાથે વાત કરતા હતા, આપણે ભવિષ્યનું અડ્રેસ કરવાનું છે ? ભૂતકાળનું નહી. ભૂતકાળ ના જે રાક્ષસો હતા એની ખૂણામાં બેસીને કોઈ વાત કરે કે આ રાક્ષસે આને માર્યો. હવે એ રાક્ષસ આજે આપણા ઘેર આવવાના નથી. **આજે રાક્ષસ ખીસામાં આવી ગયા છે એને જાણવાના છે.** ટેકનોલોજી ખરાબ નથી, સારી છે. હમણા જ આઈપેડમાં ઉત્સવના લોગોનું અનાવરણ ડિસ્પ્લે થયું એ ટેકનોલોજીનો ઉપયોગ થયો કહેવાય પણ તેના દુરુપયોગથી પાછળ ઘણી બધી બદીઓ પણ આવે છે.

હમણા જ મને એક ચૌધરી હરિભક્તે કેનેડાથી ફોન કરેલો. એનો મિત્ર હશે કોક, જે સત્સંગમાં નહી આવતો હોય, તેને તેણે મારા વાક્યો સંભળાવેલા કે અમેરિકા, કેનેડા વગેરે દેશોથી અહીં ભારતમાં પૈસા લાવશો નહી. અહી બદી વધે છે. આ સાંભળીને તે પ્રભાવિત થયો. હવે આમાં મારાથી પ્રભાવિત થવા જેવું એમાં કંઈ નથી પણ વાસ્તવિકતા એ છે કે **જરૂરિયાત કરતા વધારે અને સમય પહેલાં મળે તો શું થાય છે ?** જમીન ઉપર પગ રહે ? ઝાલ્યો ઝલાય નહિ. આ સંપ્રદાય એ બેલેન્સ કરવાની બાબત છે. **Deep analysis** કરો, ઉપર છલ્લું નહી, તો ખ્યાલ આવશે કે **માણસમાં પાત્રતા કેટલી વધે એનું બેલેન્સ કરવાની ઉંડી વાતો સંપ્રદાયમાં છે અંતર્દ્રષ્ટિ કરવાની વાત છે.** સોસાયટી એટલે આપણે જ્યાં રહેતા હોઈએ એ સોસાયટી નહી પરંતુ આખો પ્રાંત, સમગ્ર વર્લ્ડ સોસાયટીમાં આજે ઈસ્યુઝ (બનાવ) છે. ત્યાગી ગૃહી, દીકરા-દીકરીઓ ગમે તે હોય એના ચેલેન્જીસ રોજ ફેસ (સામનો કરવો) કરો છો ને તમે ? કરો છો ને ? છાતી ઉપર હાથ મૂકીને કહો, અને કોઈ કહેતું હોય કે અમારે કોઈ ચેલેન્જીસ નથી તો લીફટમાં બેસીને સીધા અક્ષરધામમાં જતા રહો.

ફોરેનમાં ઘણા લોકો શું કરે ? કચરાને સ્વીફટ કરી ને કારપેટ નીચે મૂકી દે એટલે દેખાય નહી. એ કચરાને ઢાંક્યો કહેવાય, નિકાલ નથી કર્યો. એ સાયકોલોજી નથી, એ ભાગેડુ વૃત્તિ છે. આપણે તો રોજ બરોજના ચેલેન્જીસને **Justify** કરી સમાજ સામે એને ઉઘાડા કરવાના છે. **Accept** કરવાના છે તો જ મહારાજે જે સંકલ્પ કર્યો છે એ પરિપૂર્ણ થશે.

બે દિવસ પહેલા બે સંતો કહે, ચાલો સભામાં, મોડું થાય છે. ત્યાં એક સંત કહે, પરબ ? પાણીની પરબનું ઉદ્‌ઘાટન કરવાનું હતું. મેં કહ્યું, ચાલો. ગયા, જઈને પાણી પીધું. હાશ ! મેં કીધું, આ પરબ નથી. આ સંપ્રદાયનું મૂળ છે. **મહારાજે પરબ અને અન્નક્ષેત્રમાંથી સંપ્રદાય ઉભો કર્યો છે.** કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય, દયા આણી રે, અતિ આકળા થાય... અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે, કરુણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે.. કરૂણા દ્રષ્ટિ કરીને મહારાજે મર્સીડિઝ આપી હતી કોઈને ?

બહુ વખત પહેલા આત્મપ્રકાશ સ્વામી પાસે એક વાત સાંભળેલી. શિયાળો હતો. ઠંડી ઘણી પડતી હતી, સાંજનો સમય હતો. કોલસાની સગડી લઈને સંતો ભક્તો બધા બેઠા હતા. મહારાજ થોડા છેટા બેઠા હતા. પાતળું પહેરણ પહેર્યું હતું. સુરા બાપુને થયું, મહારાજને ઠંડી લાગતી હશે એવું વિચારી દૂર જઈને ક્યાંકથી કોઈકની એક નવી શાલ લઈને આવ્યા અને મહારાજને ઓઢાડી દીધી. એવામાં ત્યાં પાતળું અંગરખું પહેરેલો એક હરિભક્ત આવ્યો એટલે મહારાજે તો એ શાલ લઈને એને ઓઢાડી દીધી. સાંભળવા જેવું હવે છે. સુરા ખાચર ખીજાયા. હે મહારાજ ! હું કોકનું માંડ લઈને આવ્યો ત્યાં તમે ક્યાં કોકને ભટકાડી દીધી ? આતમ સ્વામી યાદ છે ? તમે મને આ પ્રસંગ કહેલો. **આ પ્રસંગ મને આજ સુધી યાદ એટલા માટે છે કે તેમાં માનવતાનો સંદેશ છે.** નહી તો હું યાદ શું કરવા રાખું ?

કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય... મહારાજની સ્વાભાવિક ચેષ્ટાના આ પદો આપણે ગાતા હતા. પછી Speed (સ્પીડ) વધી ગઈ. ૧૬૦, ૧૭૦, ૧૮૦, ૧૯૦, ૨૨૦ સુધી ગઈ પછી દુકાન બંધ થઈ ગઈ. **મહારાજના સ્વભાવ કેવા હતા એ જાણવા માટે આ દેવોના દર્શન કરીએ તો મહિમા થાય.** વિચાર કરો, એક આરતી ઈનફ છે, જો તેની એક પંક્તિ જીંદગીમાં ઉતરી જાય તો ! જય સદ્‌ગુરુ સ્વામી.... મેં હજાર વખત કીધુ છે. રામાનંદ સ્વામીના શિષ્ય મુક્તાનંદ સ્વામી, મહારાજના મોટા ગુરુભાઈ હતા. રામાનંદ સ્વામીએ મહારાજને ગાદીએ બિરાજમાન કરાવડાવ્યા, ઉંમર નાની હતી. મુક્તાનંદ સ્વામીના મનમાં થયું, આ આજકાલનો આવેલો છોકરો ગાદીએ..... અત્યારની ભાષામાં કહીએ તો... એટલે પછી મુક્તાનંદ સ્વામી મહારાજને પગે લાગવા નહોતા આવતા. મહારાજની સામું પણ નહોતા જોતા. એજ મુક્તાનંદ સ્વામીએ જય સદ્‌ગુરુ સ્વામી... .આરતી બનાવી જે આજ સુધી આપણે ગાઈએ છીએ. નરનારાયણદેવના અદ્‌ભુત કીર્તનો બનાવ્યા જે આપણે ''પર્વ''માં બહાર પાડ્યા હતા. આ ઈતિહાસ છે. એને જાણવો જરૂરી છે. નહી જાણીએ ત્યાં સુધી બધુ ઉપર છલ્લું છે. પાણીમાં છબછબિયા કરવાની વાત છે.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી કહે, તમે યાદ બહુ રાખો છો. યાદ તો રાખવું જ પડે ને ! ઈતિહાસને વાગોળવાનો નથી પણ યાદ તો રાખવો પડે. નહી તો ખબર શું પડે કે આપણે શેના માટે શું કરી રહ્યા છીએ ? **આપણે ક્યાં હતા, શું કરવા આવ્યા છીએ, શું કરી રહ્યા છીએ અને શું કરવાની જરૂર છે એ જાણપણું રાખે તેને તો મહારાજે બુધ્ધિશાળી કહ્યો છે.** કથામાં પોથી તો આપણે બંધ જ રાખીએ છીએ. ખોલે તો મને તમને બધાને વૈરાગ્ય આવી જાય. ખોલીને વક્તા જેવું છે તેવું સંભળાવે તો શ્રોતા વક્તા કોઈ બેસે નહી. ઘણા તો પોથીને એક્રેલીકની પેટીમાં સીલબંધ પેક કરીને તાળું મારી રાખે છે. પછી ઉપર જે પૂજા કરવી હોય તે કર્યા જ કરોને ! આ વાસ્તવિકતા છે. હું હળવાશથી વાત કરું છું પણ બહુ Depth ની વસ્તુ છે. **આજે આપણા પાસે જે વસ્તુ છે એની કિંમત સમજવાની વાત છે.** ૨૦૦ વર્ષનો ઉત્સવ થશે. ૨૦૦ વર્ષ એ નિમિત્ત છે. **આપણે તો રોજ ઉત્સવ છે. બ્રહ્માનંદનો વહાલો મારે દાડે દાડે દિવાળી. ભગવાન મળ્યા એને રોજ દિવાળી છે. અને ભગવાન નથી મળ્યા એને રોજ હોળી છે.**

ભગવાન મળ્યા એનો મહિમા સમજવાનો છે. પ્રયત્ન કરવાનો છે. સંપૂર્ણ મહિમા તો આપણે સમજી શકીએ તેમ નથી. મારી પોતાની પણ તાકાત નથી. કેનેડામાં અમે બેઠા હતા. કમિટીના સભ્યો હતો. બીજા સંત હરિભક્તો ૪૦-૫૦ જેટલા બેઠા હતા. બહુ ઈન્સરેસ્ટીંગ વાત છે. એમાં એક હરિભક્ત આવ્યા. દંડવત કરતા હતા. પછી બેઠા. મેં પૂછ્યું કેવું ચાલે છે ? એ આંખો મીંચીને, સામાન્ય પણે હળવાશથી નહી પણ આમ બરાબર ભારપૂર્વક આંખો મીચીને કહે, એવું સુખ એવું સુખ... એવું સુખ... આવે છે. મેં કીધું, મને નથી આવ્યું ને તને ક્યાંથી આવી ગયું ? એવું હોય તો તું બેસી જા અહીંયા ! જૂઠ્ઠું બોલવાનું માપે રાખોને ! **વાત એ છે કે મહારાજને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે.** આજે હેત કેવી રીતે

થાય ? આ ઠક્કર પરિવાર, આ દશરથભાઈ, રાજુભાઈ બધા બેઠા છે. હું બધાને ઓળખું છું. End of the Day ઓળખાણ થાય તો હેત થાય છે ને ? સંતો હોય, હરિભક્તો હોય, પરસ્પર ઓળખાણ થાય તો હેત થાય અને **ઓળખાણ થયા પછી મહારાજે સ્પષ્ટ કીધું છે કે પરસ્પર ગુણ બુદ્ધિ રાખવી. સર્વગુણ સંપન્ન કોઈ નથી. જેના ગુણ જે હોય તે ગ્રહણ કરવા એ પરસ્પર હેત કરવા માટે કીધું છે.** તમે વિચાર કરો, એક હરિભક્તને ઓળખીને હેત કરવામાં આખી જીંદગી નીકળી જાય છે તો ભગવાનને ઓળખવા માટે કેટલો સમય લાગે ?

**આપણા સંપ્રદાય પાસે ગદ્ય પદ્યમાં લખાયેલા એટલા શાસ્ત્રો છે કે દુનિયામાં બીજે ક્યાંય, કોઈ સંપ્રદાય પાસે એટલા શાસ્ત્રો નથી.** તો એ તો ક્યારે પૂરા પડશે ? **પણ જેટલા શક્ય હોય એટલા મહારાજને જાણી શકીએ, એ માટે અંતર્દ્રષ્ટિનો આ ઉત્સવ છે આ ઉત્સવ એ નથી કોઈ રૂપિયાનો ઉત્સવ કે નથી કોઈ ઉજવણીનો ઉત્સવ કે નથી કોઈ ધર્મગુરુનો ઉત્સવ. આ દેવનો ઉત્સવ છે.** પી.પી. સ્વામી (જેતલપુર) એ ધર્મકુળના સ્થાપનની વાત કરી, સ્થાપન કર્યું તો કર્યું. મહારાજે પ્રથમ બીજા અખતરા કરી લીધા. પછી નિર્ણય પર આવ્યા કે આમાંથી કોઈ ચાલે એવા નથી. સાધુને ગાદીએ બેસાડ્યા, બ્રહ્મચારીને બેસાડ્યા, ગૃહસ્થને બેસાડ્યા. રાજનભાઈ ! આ ઈતિહાસ છે. મહારાજ કહે, આ તો બધા પરિવારમાં જ ચાલે તેવા છે. પછી અમને બેસાડ્યા એટલે અમે પ્રયત્ન કરીએ છીએ. અમે સાધન છીએ. સાધ્ય નથી. અમે ૨૧૩ મો કે સવા બસોમો શ્લોક કરીને આપ્યો. કોઈને ? ૨૧૨ જ રહેવાના છે. આજે વડતાલમાં આટલા આચાર્ય થયા, અમદાવાદમાં આટલા આચાર્ય થયા, બધાની એજ રીત રહી છે. કોઈ આચાર્યને રાજી નથી કરવાના, કોઈ સંતને રાજી નથી કરવાના કે કોઈ હરિભક્તને રાજી નથી કરવાના. હા, ભગવાનના ભક્ત સાથે હેત કરવાનું છે.

**તમે ભગવાનને રાજી કરશો તો અમે તમને રાજી કરીશું. તમને ઓળખવાના જ છીએ.** અહીં આવું છું. તો શા માટે આવું છું ? તમે ભગવાનને રાખ્યા છે ત્યારે હું આવું છું અને **જેણે ભગવાન રાખ્યા છે એ ઓફિસમાં ખુલે આમ આવે છે. નથી રાખ્યા એ નથી આવતા. દેવના થવાનું છે એટલી જ વાત છે. જેટલા દેવના થઈશું એટલા સુખી થઈશું. આ મારી અંતરની સંપૂર્ણ માન્યતા છે.**

પરંપરાને સિદ્ધાંત રહે એ માટે મોટા પાયે સરસ રીતે ઉત્સવ ઉજવવાનો છે. **પાંચ-સાત માણસોના જીવનમાં બળદેવજી દાદાનો મહિમા વધશે તો સંપૂર્ણ ઉત્સવ સાર્થક છે. આ ઉત્સવ એ કોઈ દેખાવડા માટે નથી પણ આ ઉત્સવ એ ભગવાનનો ઉત્સવ છે. આપણો અને ભગવાનનો મેળાપ થયો છે એનો આ ઉત્સવ છે.** હું કહું કે ન ભૂતો ન ભવિષ્યતિ તો એ ખોટી વાત છે. **હું અને તમે નહી હોઈએ ત્યારે પણ આનાથી પણ મહા મોટા ઉત્સવ થશે. અને ઢગલાબંધ ઉત્સવ થશે. એ તો હું સ્ટેમ્પ પેપર ઉપર લખીને આપી દઉં. સ્વામિનારાયણ સંપ્રદાય એ કંઈ જેવો તેવો સંપ્રદાય છે ? આપણો અને ભગવાન વચ્ચેનો સંબંધ ગાઢ થાય, મજબૂત થાય, ઘરમાં અને પરિવારમાં એ વાતાવરણ આપી શકીએ. એનો આ ઉત્સવ છે.**

યજમાન પરિવાર જૂના ને જાણીતા છે. તમે બધા જાણીતા છો. સરસ લાભ લીધો. ૧૨ વાગ્યા પહેલા સરસ પુરુ થઈ ગયું. હવે ઠાકોરજી જમાડીએ. ઉનાળો છે. બહુ ટાઈમ થાય પછી બહુ ખવાઈ જાય, પછી આફરો ચડે, પછી ઉંધા થઈ જવાય, પછી ઉભા થવાય નહી. એટલે બધુ માપનું સારું. **ભગવાને આપણા માટે મધ્યમ માર્ગ આપ્યો છે. બહુ અતિશય કરવાની પણ ના કહી છે. અને બહુ ઓછું કરવાની પણ ના કહી છે. માપનું કહ્યું છે.** ઘણા ભૂખ્યા મારી નાખતા હતા અને ચાર્વાક વાળા ખવડાવી ખવડાવીને મારી નાખતા હતા. ભગવાનનો મહિમા દીકરા દીકરોઓમાં વધે એવું ઘરમાં વાતાવરણ બની રહે એ જવાબદારી આપણી છે.

દશકોશીના ગામડા દેવના નિષ્ઠાવાન છે. જેતલપુરની આજુબાજુના ગામડાઓમાં મોટા ભાગના મંદિરો મહાનુભાવાનંદ સ્વામીના બનાવેલા બહુ સરસ મંદિરો છે. એમાં અને આજુ બાજુના ગામડાઓમાં જાગૃતિ થાય, **ગર્વથી આપણે કહી શકીએ કે આ મારો ભગવાન છે અને એ ભગવાનનું ગર્વથી સ્મરણ કરી શકીએ એવો પ્રયત્ન કરવાનો છે. ભગવાન આપ સૌનું ખૂબ રૂડું કરે, મંગળ કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.**

**પ.પૂ. મોટા મહારાજશ્રી, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૪ માં સ્થાપના દિન પ્રસંગે, તા. ૨૯-૦૩-૨૦૨૫ :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આજે સૌથી વધારે જો આનંદ હોય તો એ મને આનંદ છે. મહારાજે આવો વિચાર આપ્યો એ જ મોટી વાત છે. **જ્યારે ભગવાન રાજી થાય ને ત્યારે કંઈ લક્ષ્મી કે ધન દોલત કે યશ એ બધુ ના આપે, સારા વિચારો આપે અને સારા**

**વિચારો આપે એટલે બધુ ઓટોમેટીક મળે છે. ભગવાન નારાજ થાય તો કંઈ લાકડી લઈને ના મારે. એવા વિચારો આપે કે લાકડી ખાવી પડે, માર ખાવો પડે.**

આ વિચાર આવ્યો, મહારાજે એક પ્રેરણા કરી, એમાં આચાર્ય મહારાજે ખૂબ સપોર્ટ આપ્યો એટલે આ એક સારુ કાર્ય થયું અને એટલા માટે સારુ કાર્ય છે કે આજદિન સુધી આપણી પાસે પ્રસાદીની વસ્તુઓ હતી ખરી પરંતુ તેની કિંમત જેટલી સમજવી જોઈએ તેટલી સમજતા નહોતા. આપણે એવા દાખલા જોયા છે કે બન્ને દેશના મંદિરોમાં એન્ટીક ડીલરો ફરતા હતા અને સંતો પાસે જે કંઈ પ્રસાદીની મૂર્તિ કે પુસતક હોય એ બધુ ખરીદી લેતા હતા અને બહાર વેચતા હતા. મારી પાસે એક મહારાજની જમતી મૂર્તિ આવેલી. મારી સાથેના એક સહાધ્યાયી મિત્ર હતા એણે મને આપી. પૂછ્યું, ''તમે ક્યાંથી લાવ્યા ?'' ''અમે એન્ટીક ડીલર (વેપારી) પાસેથી ૩૦૦૦ રૂ. માં આ મૂર્તિ ખરીદેલી.'' મૂર્તિની પાછળ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય જે બાલમુકુંદ સ્વામી હતા એમની પૂજાની આ મૂર્તિ હતી. **ફરી ફરીને મારી પાસે આવી ગઈ.** આ પરિસ્થિતિ હતી. અત્યારે તમારે યમદંડ જોવું હોય તો ભાગ્યે જ મળે. બધા જ યમદંડ એન્ટીક ડે રોડમાં વેચાઈ ગયા છે. આવી પરિસ્થિતિમાંથી ઉગારવા માટે એક સુંદર વિચાર આવ્યો અને તેનાથી આ એક અદ્‌ભુત કાર્ય થયું છે. આજે એ વાતનો આનંદ છે. આજે બીજા મંદિરોમાં પણ આ વાતની એક અવેરનેસ જાગૃતિ આવી છે કે પ્રસાદીની વસ્તુઓ સારી રીતે સાચવવી જોઈએ અને તેના પ્રયત્નો થઈ રહ્યા છે. એનો અમને વિશેષ આનંદ છે.

આ તો બધી અદ્‌ભુત વસ્તુઓ છે. આખી કથા શરૂઆતથી લઈને અંત સુધી ત્રણે ત્રણ દિવસ કથા મેં સાંભળી, એનો ખૂબ દિવ્ય આનંદ આવ્યો. કથા માટે ત્રણ દિવસ ઓછા પડ્યા. આ કથા તો દસ દિવસ ચાલે તો પણ ઓછા પડે. જે રીતે રામકૃષ્ણદાસજી સ્વામીએ વિશેષ કથા કરી એનો આનંદ થાય છે. સ્વામીને ખૂબ ધન્યવાદ પાઠવું છું. સાથે સાથે એ પણ કહું છું કે **જે આપણે જનમંગલની કથા કરીએ છીએ, સ્વાભાવિક ચેષ્ટાની કથા કરીએ છીએ, તેમ ભવિષ્યમાં ગામડાઓમાં અને બીજી જગ્યાએ પણ સંતો પ્રસાદીની વસ્તુઓની માહાત્મ્ય કથા કરે એ ઈચ્છનીય છે.** કારણ કે એનાથી એ વસ્તુઓની મહત્તાનો આપણને ખ્યાલ આવે છે.

જે હરિભક્તોએ સેવા કરી છે, પોતાનું યોગદાન આપ્યું છે એ બધુ ધન્યવાદને પાત્ર છે. મહારાજને પ્રાર્થના કરીએ કે **ઉત્તરોત્તર પ્રસાદીની વસ્તુઓમાં જે અનેક પ્રકારની દિવ્યતા રહેલી છે તેનું સ્મરણ કરીએ, વિચારીએ અને તેને વાગોળીએ.**

**આપણે નવ ધામ કહીએ છીએ. આ દસમું ધામ સ્વામિનારાયણ મ્યુઝિયમ છે. આ પ્રસાદીની વસ્તુઓનું જેણે એક વાર દર્શન કર્યું હોય તેને બીજી વાર દર્શન કરવાનું મન થાય છે.** જગતમાં રાજા મહારાજાઓના જૂના મ્યુઝિયમ કોઈ એકવાર જુએ પછી ફરી જોવાનું મન ના થાય. નિર્જીવ વસ્તુઓ હોય છે બધી અને અંગત રીતે મને કોઈ પૂછે તો મને તો મ્યુઝિયમ જરાય ગમતા જ નથી. દેશ વિદેશમાં અમે ફરતા હોઈએ, સાથે હોય એને કહી દઉં, શું જોવાનું એમાં ? તમે જઈ આવો. હું બહાર બેસી રહું. **આપણું મ્યુઝિયમ એ મ્યુઝિયમ નથી, મંદિર છે. અહીંયા એક એક વસ્તુ બોલે છે. એક એક વસ્તુ આપણી સાથે વાત કરે છે. દિવ્ય અનુભૂતિ આપે છે. મહારાજની સમકાલીન ૨૦૦ વર્ષ પહેલાની વસ્તુઓ છે પણ તે મહારાજના સંપર્કમાં સંબંધમાં આવેલી વસ્તુઓ છે. એટલે દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે.** જ્યારે જગતના મ્યુઝિયમના ૨૦૦૦ વર્ષ જૂની વસ્તુઓ હોય છતાં પણ એને જોવામાં એવો આનંદ નથી આવતો.

અવાર-નવાર હરિભક્તો ચાલીને મ્યુઝિયમનું દર્શન કરવા આવે છે. બાધાઓ રાખે છે, અભિષેક રાખીએ છીએ, મહાપૂજા રાખીએ છીએ, યજ્ઞ રાખીએ છીએ એટલે આ એક અલૌકિક દસમું ધામ છે. **આવા ઉત્સવો દ્વારા, કથા દ્વારા સત્સંગીઓના અંતરમાં એનો વિશેષ મહિમા ઉતરે અને એ રીતે અનંત જીવોનું કલ્યાણ થાય એવી મહારાજને પ્રાર્થના.**

બીજી એક વાત, છપૈયાની વાત થઈ એટલે યાદ આવ્યું. છપૈયાની પ્રશંસા નથી કરતો પણ વાસ્તવિકતા કહું છું. પરોક્ષના બે-ત્રણ ટૂર ટ્રાવેલ્સ એજન્ટો જેઓ ઉત્તર ભારતમાં ટુર લઈ જતા હોય તેઓએ મને ફરિયાદ કરી કે અમારી ટુરમાં છપૈયા છેલ્લું રાખવું પડે છે, હું જરા વિચારમાં પડ્યો. આનું શું કારણ ? મને સમજણ ના પડી પછી **એમણે જ Exptain (સમજાવવું) કર્યું કે છપૈયામાં એટલી સુવિધા છે કે પછી બીજે ગમતું જ નથી. છપૈયામાં ઉતારા લીધા પછી બીજે ઉતારા ગમતા જ નથી. કોઈને એટલે છપૈયા છેલ્લું રાખવું પડે છે.**

# ગોરસીયા સેવા ફાઉન્ડેશન

માર્ગદર્શકઃ - ગિરધરભાઈ મેઘજી પિંડોરીયા – ગામઃમાધાપર હાલે તાંઝાનીયા, તેજબાઇ વિશ્રામ ગોરસીયા – ગામઃબળદિયા (કચ્છ)

અમો ગોરસીયા સેવા ફાઉન્ડેશન દ્વારા નંદીશાળા બળદિયા, ગજોડ તથા લેર મુકામે કાર્યરત છે. જેમાં ગોરસીયા સેવા ફાઉન્ડેશન દ્વારા ખાસ કરીને ગાય પ્રકૃતિ અને પર્યાવરણ માટે કામ કરવામાં આવે છે, જેમાં ગૌમાતા પ્રકૃતિ અને પર્યાવરણનું સમગ્ર પૃથ્વીની ઈકો સિસ્ટમનું એક મૂળ કડી રૂપ ભાગ છે. તે સંદર્ભમાં ગૌમાતાઓની સંખ્યાનો વધારો થવો તથા ભૂમિ ઉપર તેમનું પરિભ્રમણ તેમજ ચરણરજ, ગોબર, ગૌમૂત્ર જે કોઈ જગ્યા ઉપર પવિત્ર કરશે એ જમીનનું સ્વાસ્થ્ય ખૂબ સારું અને સુધરેલું રહેશે. જેના માટે અમો એ નંદીશાળા બનાવેલી છે. અને એનું પુનરાવર્તન અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ ગામોમાં થઈ શકે તે માટે આજ પ્રકારે લગભગ ૧૫૦૦ ની સંખ્યામાં માધાપર ગામ થી આશરે ૧૫ કી.મી દૂર આવેલ ગામઃ લેર-કચ્છ મુકામે નંદીશાળા બનાવવા જઈ રહ્યા છીએ. જેમાં હાલ ગજોડ મુકામે ૩૫૦ તથા લેર મુકામે ૬૦૦ જેટલી નંદીઓની વ્યવસ્થા કરેલ છે. આ જગ્યા પર એકદમ સ્વસ્થ અને સન્માન પૂર્વક નંદી અહિંયાં રહે એના માટેનું આ આયોજન છે. જેમાં આ નંદી શાળામાં બે પ્રકારના સેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં તડકો, છાંયો, ઠંડી અને વરસાદ સમયના રક્ષણ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ નંદી જે રખડતાં હોય એમને સન્માન પૂર્વક રાખીએ છીએ. રખડતાં હોય ત્યારે એના ગોબરની સ્થિતિ અને નંદી શાળામાં આવ્યા પછીના ગોબરની સ્થિતિ બહુ સારી અને સુગંધીતદાર છે. એનો મતલબ એ છે કે, નંદીનું સ્વાસ્થ્ય બહુ સારું છે.

આપણા વૈદિક શાસ્ત્રોમાં જે ગાયોનો મહિમા કહ્યો છે તે મુજબ સમગ્ર ગૌવંશ, ગોપાલકોનું રક્ષણ થવું એ આપણી ભૂમિ માટે ખૂબજ જરૂરી છે. એના માટે અમારા દ્વારા નબળા દિવસોમાં એટલે કે ઉનાળામાં ઘાસચારાની તકલીફ હોય ત્યારે અહીયા આપણે કેમ્પ કરીએ છીએ. જે કેમ્પમાં હાલની પરિસ્થિતિ મુજબ અત્યારે લગભગ પાંચ હજાર જેટલી માલધારીઓની ગાયો અહીંયા નિરણ કેન્દ્રમાં લાભ લે છે. એથી વધુ સારું કહીએ તો ગૌવંશ તથા ગોપાલકોની આવી વિકટ પરિસ્થિતિમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ગોપાલકોને ખબર અંતર પૂછવા પધાર્યા એ બદલ અમારો પરિવાર તથા માલધારીઓ અને ગોપાલકોનો પરિવાર વતીથી આપશ્રીના ચરણસ્પર્શી ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ અને અંતઃકરણથી આનંદ વ્યક્ત કરીએ છીએ.

ગોપાલકોએ ગાય માટે એની નિષ્ઠા સમગ્ર જીવન પરિવાર સાથે સમર્પિત કરી દીધેલું છે. જેમ શ્રીકૃષ્ણ પરમાત્માએ એનો અવતાર કાર્ય ૧૧ વર્ષ સુધી એનું બાળપણનું જીવન કાર્ય ગોકુળમાં વિતાવ્યું અને પ્રકૃતિ અને પર્યાવરણ માટે ખર્ચી નાખ્યું એમ આ ગોપાલકોએ પણ પોતાનું સમગ્ર જીવન એ ગાય માટે ખર્ચી દીધું છે. ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. આ વેદ લક્ષણા ગાયોને સમગ્ર ભારતમાં જો બચાવવી હોય તો આ માલધારીઓ ધન્યવાદને પાત્ર છે.

સામાન્ય રીતે કચ્છનું ચારિયાણ (ગૌચર) છેલ્લા પાંચ-છ હજાર વર્ષના ઈતિહાસના તબક્કામાં ખૂબ સારું હતું. જેમાં અબડાસા તથા બન્ની વિસ્તાર ગાયો પશુધન માટે ખૂબ પ્રમાણમાં ગોચર ભૂમિનું ચારિયાણ હતું. પરંતુ હાલના તબક્કામાં જે પડકારો છે જેનું કારણ ગાંડા બાવળો, વરસાદની વિસંગતતાના કારણે અત્યારે ગોપાલકોને ખૂબ તકલીફ પડી રહી છે. વર્ષો પહેલા તો ગૌધન કચ્છની અંદર કરોડોની સંખ્યાંમાં હતું અત્યારે ઘટતા ઘટતા પણ ૨૦ લાખ જેટલું લગભગ ગોધન કચ્છની અંદર છે. એમાં ગોપાલક કોમ્યુનિટી પાસે જો હોય તો એ સંખ્યા લગભગ સાતથી આઠ લાખની આજુબાજુ હશે.

આજે ગૌપાલકો તથા માલધારી ચારિયાણ(ગૌચર) ભૂમિના જે પ્રશ્નો છે જેમાં ગાંડો બાવળ ઉગી ગયેલ છે. એના માટે પણ એક આપણે પ્રકલ્પ ચલાવીએ છીએ કે એ ચાર્યણ ભૂમિ પાછી રિડેવલપ કરવાનું એટલે કે ગાંડા બાવળો કાઢી અને એની અંદર સારું ઘાસ ઉગે એના માટેની યોજના માટે આપણે ૨ મશીનો રાખેલા છે. કે જે મશીનો કાયમ લગભગ ત્રણ-ચાર વર્ષથી

ચારિયાણ(ગૌચર) ભૂમિના ગાંડા બાવળો કાઢી નવું બિયારણ રોપણ અને જે ઘાસ નવું ડેવલપ થાય એના માટેના કામોમાં પ્રાકૃતિક જંગલમાં તળાવ હોય અને સીમમાં ગૌચર ભૂમિમાં જે તળાવો હોય એમાં ગાંડો બાવળ કાઢીએ છીએ તથા એની આવક સાફ કરીએ છીએ. જેથી જેની અંદર પશુ પક્ષીઓ ગાય એના ઉપર નભતા હોય એ પ્રકારના પાણીનો ભરાવો થાય અને બધા પશુ પક્ષીઓ લાભ લે એના માટે પણ આપણે એક પ્રકલ્પ ચલાવીએ છીએ.

અહિંયા ગજોડ નિરણ કેન્દ્રમાં આપણે ગાયો અને માલધારી માટે પાણી, ઘાસચારાની અને ગાયોને છાંયાના સેક્ટરની વ્યવસ્થા કરી આપીએ છીએ. ત્રણ-ચાર મહિના જ્યાં સુધી રહે અને સારો વરસાદ થાય એટલે એ ગૌચર ભૂમિમાં ચરવા માટે ગાયો અને માલધારી નીકળી પડે છે. જ્યાં સુધી અહીંયા રહે છે ત્યાં સુધી એના બાળકોના સંસ્કાર અને શિક્ષણની વ્યવસ્થા આપણે અહિયાં ગોઠવતા હોઈએ છીએ. જ્યારે એ એની મૂળ ગૌચર ભૂમિમાં ગાયોને લઈને જાય. ત્યાં પણ એમની મહિલાઓ, બાળકો તથા શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે પણ આપણે આપણાથી શક્ય હોય એટલી ઠાકોરજીને સાથે રાખીને એમની ચિંતા કરીએ છીએ.

આ ગોપાલકો ખરેખર ગાય નામનું ધન અને એમાંય ખાસ કરીને ગાયનું ગોબર એ સમૃદ્ધિ સાથે લઈને ફરે છે એટલે કે ખૂબ ધનવાન છે. આ માલધારી કોમ્યુનિટી ગાયને એટલો પ્રેમ કરે છે કે પોતે ભૂખ્યા રહેશે પોતે ગમે એટલા કષ્ટ સહન કરશે ક્યારેક ગાયો કોઈના ખેતરમાં જાય અથવા તો કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડે તો પોતે માર ખાઈ લેશે પણ ગાયોને દુ:ખી થવા નહીં દે એ એમની ખાસ વિશેષતા રહેલી છે. પરંતુ દેખીતી રીતે આ સામાજિક જીવનમાં એ લોકોને ટકવાની તકલીફ પડે છે, તો એ આ વર્તમાન સામાજિક જીવનમાં એ સારી રીતે સન્માન પૂર્વક જીવી શકે એના માટેના આપણે પ્રયત્નો કરીએ છીએ એટલે કે એનું સોસીઓ ઈકોનોમી (સામાજિક અને આર્થિક) ડેવલોપમેન્ટ થાય એના માટે આપણી સંસ્થા સાથે આપણે હમેંશા કટીબદ્ધ છીએ. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એમની ખબર અંતર પૂછવા એની વ્હારે આવ્યા છો, તથા આપશ્રી આ વિષયને સમજી શક્યા છો એ બદલ અમને ખૂબ ખૂબ આનંદ થયો છે. જોવા જઈએ તો એકદમ જે કાંકરેજ જાતનું ક્વોલિટી બ્રિડ એટલે કે જે હડપ્પીયન સંસ્કૃતિના સમયથી છ સાત હજાર વર્ષોથી જો ટકાવી રાખ્યું હોય એ આ વેદ લક્ષણા કાંકરેજ ગાય એટલે કે આપણા કચ્છ, બનાસકાંઠા, ઉત્તર ગુજરાત, રાજસ્થાનનો અમુક ભાગ અને પાકિસ્તાનનો સિંધનો ભાગ ત્યાં આ ગાયનો જે વંશ છે એ ટકી રહ્યો છે. આ ગાયની વિશેષતા ખડતલ એકદમ બુદ્ધિ ચાતુર્ય એ ખૂબ વિશેષ છે. કદાચ ભારતમાં આ પ્રકારના બુદ્ધિ ચાતુર્ય વાળી ગાયોનું પ્રમાણ ઘણું ઓછું હશે.

બીજું એક કામ આપણે સંવર્ધનનું કરીએ છીએ. સંવર્ધન એટલે કે ગાયની જે નસલ એ સારી રીતે આગળ વધે તથા આપણા શાસ્ત્રોના નિયમ પ્રમાણે સારું સંવર્ધન થાય એ પણ ગાયની પૂજા છે. આ કાર્ય માટે અમારા દ્વારા ગોધન તથા નંદીની ઉતમ જાતનું ક્વોલિટી બ્રિડ વારસામાં સચવાઈ રહે તેના માટે પાંચ પેઢી સુધી એની માતાની તથા પિતાની હિસ્ટ્રી આપણી પાસે હોય છે. કારણ કે તેનાથી આપણી પાસે ઉતમ બ્રિડ, રૂપ, દૂધ અને ચાતુર્ય વગેરે લક્ષણો સાથેનું ગોધન ટકી રહે. તથા એમાં સિલેક્ટેડ નંદીને આપણે જે નંદી તરીકે ડેવલપ કરવાના હોય તો એ નંદીને એટલે કે એ વાછડો અમે અઠવાડિયામાં નક્કી કરી લઈએ કે આ વાછડાને આપણે નંદી તરીકે રાખવો છે તો એ વાછડો એની માતાનું આખા વેતરનું ધાવણ ધાવે છે એટલે કે એ દોઢ-બે લાખનું દૂધ એ ધાવે છે. તો એ એકદમ સ્વાસ્થ્યપૂર્ણ તંદુરસ્ત થાય અને એ આગળ જે ગાયનો વેલો છે એ આગળ ગાયની સંતતિ એકદમ સ્વાસ્થ્યપૂર્ણ આપણને મળે એ પ્રકારના પ્રયત્નો પણ આપણે કરીએ છીએ અને ગામો ગામ એ સારા નંદીને આપીએ અને દર ત્રણ-ત્રણ વર્ષે બીજા ગામોમાં આપીએ એટલે કે રોટેટ કરીએ છીએ. અને એ ત્યાં સુખી છે કે કેમ એની ખરાઈ પણ આપણે વિડીયો મારફતે મહિને મહિને રિપોર્ટ લઈએ છીએ અને એનું આખું રજીસ્ટર મેન્ટેન કરીએ છીએ.

આ ઠાકોરજીના કામમાં એટલે કે ગાય માતાની સેવા કરવા માટે ગાય માતાએ અમને જે મોકો આપ્યો છે એના માટે અમો ઋણી છીએ. એ માટે ખાસ કરીને જે પ્રકૃતિ






માંડવી (કચ્છ)મંદિરનો રજત જયંતી મહોત્સવ સમગ્ર ધર્મકુળનાં સાંનિધ્યમાં ઉજવાયો




નારણપર (કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા વૃક્ષારોપણ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે ભુજ તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી



કોડકી(કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે ભુજના સંતો અને પાર્ષદ જાદવજી ભગત



રાપર (કચ્છ) મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં વિજય સ્તંભ આરોહણ વિધિ કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે ભુજના સંતો




બળદિયા (કચ્છ) મંદિરના ૫૦ મા પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી




બાયડ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરતા તથા મંદિરનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ખારા દેવીયા (મોડાસા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી




આપણા કાલુપુર મંદિરમાં
અગિયારસના દિવસે
મુમુક્ષુઓ ને સંત મહાદીક્ષા
આપતા શ્રી નરનારાયણદેવ
દેશ પીઠાધિપતિ
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




પાટણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




ભુજ મંદિર દ્વારા સમૂહ શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી







ઉનાવા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી  તથા રામજી મંદિરમાં અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી



અસારવા ગુરૂકુળમાં શ્રી હનુમાન જયંતી ના ઉપલક્ષમાં રામચરિત્ર માનસ કથા પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા બહેનોની સભામાં કથા શ્રવણ કરતા પ.પૂ.શ્રીરાજા



જમીયતપુરા (પ્રભા હનુમાનજી)શ્રી હનુમાન જયંતી પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા છપિયા મંદિર દ્વારા નૂતન શાળાનું નિર્માણ કરી સરકારને અર્પણ કરાઈ ત્યારે પૂ.મોટા મહારાજશ્રીએ શાળાના બોર્ડ પર ઉર્દૂ સહિત ભાષામાં જય સ્વામિનારાયણ લખ્યુ હતું



જેતલપુર મંદિર દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ટોરડા મંદિરમાં અખંડ ધૂનનું આયોજન કરાયું હતું



સમૈયાના ઉપલક્ષમાં ગોતા (વંદેમાતરમ્) માં શિક્ષાપત્રી સત્સંગ સભામાં કથા વાર્તાનો લાભ આપતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી તથા સંતો .

પર્યાવરણ ને ગાય માટે જે કામ થાય છે એમાં માધાપરના હાલ તાંઝાનિયા વસતા અમારા મિત્ર ગિરધરભાઈ પિંડોરીયાનું માર્ગદર્શન અમને મળતું રહે છે અને ખાસ કરીને અત્યારે જે આર્થિક સહયોગ અને સંપૂર્ણ પ્રકારનું માર્ગદર્શન એ ગિરધરભાઈનું મળતું રહે છે તેમજ સમગ્ર ગૌપ્રેમી ભક્તજનો આ બાબતે તન મન ધનથી સહયોગ આપતા રહે છે અને આ ઠાકોરજીનું કામ ચાલતું રહે છે. અહિંયાં લગભગ ૪૫૦૦ થી ૫૦૦૦ જેટલી ગાયો છે એ બધીજ ગાયોના નામ રાખેલ છે. એટલે કે ૫૦૦૦ માંથી જે ગાયને એના માલિક જે નામ લઈને બોલાવે તો એ તરત દોડતી આવે અને જે બધા ગૃપના માલધારીઓ ભિન્ન-ભિન્ન ૧૦૦ થી ૫૦૦ ગાયો ધરાવે છે. તો એ પણ એક વિસલ મારે તો એ સર્ટેન ગૃપની ગાય બહાર આવી જાય અને તરત જ આખું ગૃપ એ પ્રકારે એકદમ અનુશાસન પણું આ જે માલધારી કલ્ચરમાં અને ગાયોમાં છે.

છ હજાર વરસ પહેલા શ્રીકૃષ્ણ પરમાત્માના વખતમાં આખા ભારતનું જે ઈકોનોમી અર્થતંત્ર એ ગાય ઉપર હતું. એ ધીરે ધીરે અત્યારના સમયમાં ખૂબજ ઘટતું જોવા મળે છે. અત્યારે જોવા જઈએ તો જો માલધારી કલ્ચર જેને કહી શકાય જે અત્યારે રિસર્ચનો વિષય બની ગયો છે. કારણ કે હવે જોઈએ તો લગભગ રાજસ્થાન, ગુજરાત તથા અમુક અંશે મધ્ય પ્રદેશ જેવા વિસ્તારમાં માલધારી તથા તેમનું કલ્ચર ટકી રહ્યું છે. એના સિવાય હવે લગભગ માલધારી સમાજ લુપ્ત થતો જણાય છે. ગુજરાતમાં પણ હવે કચ્છમાં જ જોવા મળે એવું છે. હાલ ના સમય મા ગાયોનું જે ગૃપ છે એ એકદમ વિખંડિત થતું જણાય છે એટલે માલધારી અને એમનું કલ્ચરનું ધીરે ધીરે ઓછું થતું જાય છે. તો ગાયો પણ બચી રહે અને કામ કરવા માટે માલધારીઓ અને એનું કલ્ચર બચી રહે એની પણ બહુ આવશ્યકતા છે.

આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને બિલકુલ સમય નથી હોતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેમજ અહીં પણ સત્સંગ સંભાળવાનો હોય તો પણ આ ધોમધખતા તાપમાં, લગભગ ૪૫ ડિગ્રી ટેમ્પરેચરમાં ખૂબ ધૂળમાં, માખીઓના ઝૂંડ વચ્ચે આપ જે ગાય પ્રકૃતિ અને પર્યાવરણને માલધારીઓની સહાય સારું એને સપોર્ટની હુંફ આપવા માટે આપ પધાર્યા, એ સૌ ગાયો. માલધારીઓ આપના અમે ખૂબ ખૂબ ઋણી રહીશું. ખૂબ ખૂબ આભાર બાપજી પધારશો. અને આ વિષયને દરેક લોકો સુધી પહોંચે અને આ વાત દરેક લોકો આપ શ્રી સમજી શક્યા એ પ્રકારે સમજે અને મૂળમાં જઈને આ વિષયને સમજી શકે તેવી અપેક્ષા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ચૈત્ર સુદ-૧૫ સત્સંગ સભા ઠાકોરજીને થાળ સંત-હરિભક્તોને રસોઈના યજમાનશ્રી**

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી ચૈત્ર સુદ-૧૫ પૂનમ તા. ૧૨-૦૪-૨૦૨૫ શનિવાર સત્સંગ સભા, ઠાકોરજીને થાળ, સંત-હરિભક્તોને રસોઈના યજમાન : ભક્તરાજ શ્રી રામદાસબાપા પરિવાર - ઉનાવા, અ.નિ. ભુલાભાઈ લાલભાઈ છલાભાઈ પટેલ - હસ્તે સંજયભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ, મીનાબેન સંજયભાઈ રમણભાઈ પટેલ - સમસ્ત ઉનાવા સત્સંગ સમાજ. શ્રી હનુમાન જયંતીના યજમાન : અ.નિ. રમણભાઈ શંકરભાઈ ભુલાભાઈ પટેલ, અ.નિ. કાન્તાબેન રમણભાઈ શંકરભાઈ પટેલ - હસ્તે સંજયભાઈ રમણભાઈ પટેલ, કેતનભાઈ રમણભાઈ પટેલ, મયુરભાઈ રમણભાઈ પટેલ (રામદાસબાપા પરિવાર - ઉનાવા). ધજાના યજમાન : સંજયભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ, મીનાબેન સંજયભાઈ પટેલ (રામદાસબાપા પરિવાર - ઉનાવા). શાસ્ત્રી સ્વામી સુવ્રતસ્વરૂપદાસજી (કાલુપુર)ના વક્તાપદે કથાનું સુંદર આયોજન થયું હતું.**

જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૫-૩-૨૦૨૬ થી
તા. ૧૧-૩-૨૦૨૬

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવ**
**(તા. ૫-૩-૨૦૨૬ થી ૧૧-૩-૨૦૨૬)**

# આયોજનપત્રમ્

સર્વે સત્સંગીને જણાવતા આનંદ થાય છે કે,

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે નવ મંદિરો કર્યા તેમાં પાંચમાં ક્રમે જેતલપુરધામમાં સ્વહસ્તે નિજ મંદિરમાં રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી તેને આગામી વિ.સં. ૨૦૮૨ ફાગણ વદ આઠમ તા. ૧૧-૩-૨૦૨૬ ના શુભ મંગલ દિવસે ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મોટા મહારાજશ્રી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ પદે દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ભવ્યાતિ ભવ્ય ઉજવાશે.

## દ્વિશતાબ્દી મહોત્સવના આયોજનો

**મહોત્સવના મુખ્ય આયોજન :** શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા, ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ, ૫૧ કુંડી સમૂહ મહાપૂજા, અખંડ ધૂન, સાંસ્કૃતિક પ્રદર્શન, પ્રાકૃતિક ફૂલોનો મેળો, મંત્ર મંદિર, મેડિકલ ફ્રી સેવા, નવધામ દર્શન, સમૂહ યજ્ઞોપવિત, ધર્મકુળ અને જેતલપુરધામ ડોક્યુમેન્ટરી, મહાપૂજા અને વચનામૃતના ડિજીટલ લાઈવ, ચાર વેદ પાઠ અને હવન, ધર્મકુળ સ્થાપનાના ૨૦૦ વર્ષ ઉજવણી, પર્યાવરણ જાગૃતિના અનેક વિધ કાર્યક્રમ, ૨૦૦ જેટલા વિવિધ કાર્યક્રમો ઉજવાશે.

**મહોત્સવના પૂર્વ આયોજન :** ૨૦૦ કલાકની ગામોગામ અખંડ ધૂન, મંત્ર લેખન ઘરે ઘરે લખાશે, સત્સંગ સભાઓ, મહાપૂજાઓ, પ્રભાતફેરી, પદયાત્રાઓ, જરૂરિયાતમંદોને સહાય, રથયાત્રા, વૃક્ષારોપણ, મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન, વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ વિતરણ, વનવાસી વિસ્તારમાં ધાબળા વિતરણ, જેતલપુર મંદિર તથા મહામંદિરોમાં ધૂનનો કાર્યક્રમ, ૨૦૦ દિવસનો અખંડ વૈદિક વિષ્ણુયાગ.

**આપના ગામોમાં મહોત્સવના ઉપલક્ષમાં જે જે આયોજન થાય તેની જેતલપુર મંદિરે જાણ કરવી.**

## મહોત્સવની સેવાની વિગત

**મહાવિષ્ણુયાગનો પાટલો :** પ્રથમ આવરણ : રૂા. ૧,૦૦,૦૦૦, દ્વિતીય આવરણ રૂા. ૫૦,૦૦૦

**હોમાત્મક સમૂહ મહાપૂજાનો પાટલો :** રૂા. ૨૫,૦૦૦, અને રૂા. ૧૦,૦૦૦

મહોત્સવમાં ધન્ય, ધાન્ય, વસ્તુ સ્વરૂપે યથા શક્તિ સેવા આપી શકાય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ, તા. દશક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૭
ફોન : ૯૦૯૯૯ ૩૯૩૭૬, ૯૫૫૮૭ ૬૬૮૭૨
**E-Mail : jetalpur200@gmail.com**
લાઈવ પ્રસારણ : **www.swaminarayan.in**અને કાલુપુર મંદિરની **youtube & facebook** ચેનલ

શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા

## પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.




## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-એપ્રિલ-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૧૩-૦૪-૨૦૨૫ | પ.ભ. વિનોદભાઈ વાલજીભાઈ સોની - પ્રહલાદનગર - અમદાવાદ. |
| તા. ૧૫-૦૪-૨૦૨૫ | અ.સૌ. રાધિકા વિશાલભાઈ પટેલ તથા અ.સૌ. ઉષાબેન અરવિંદભાઈ પટેલ ડુંગરાણી - હ. રીટાબેન આર. શાહ - ટોરડા. |
| તા. ૨૭-૦૪-૨૦૨૫ | અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ - ઓળા (કલોલ) - હ. બિન્દેશ જગદીશભાઈ પટેલ - હ. ગાંધીનગર. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-એપ્રિલ-૨૦૨૫

| | |
|---|---|
| રૂ. ૧,૦૦,૦૦૦/- | એક હરિભક્ત - કરજીસણ. |
| રૂ. ૫૧,૦૦૦/- | પ.ભ. જય ગણપતભાઈ ગંગારામભાઈ પટેલ - પંઢરપુર-અમદાવાદ - જર્મનીમાં પ્રથમ પગાર નિમિત્તે - હ. રક્ષાબેન ગણપતભાઈ પટેલ. |
| રૂ. ૫૦,૦૦૦/- | પ.ભ. ભારતીબેન અશોકકુમાર એલ. દવે - અમદાવાદ. |
| રૂ. ૫૦,૦૦૦/- | પ.ભ. ડૉ. વસંતભાઈ એમ. વાલુ - નારણપુરા |
| રૂ. ૫૦,૦૦૦/- | પ.ભ. હર્ષાબેન નરેન્દ્રકુમાર ભાવસાર - મહેસાણા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''સંપૂર્ણ શ્રધ્ધા રાખો અને આગળ વધો''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

જ્યારે આપણે આધ્યાત્મિક જગતમાં આગળ વધવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે 'શ્રધ્ધા' એ ખૂબ મહત્વની બાબત છે. 'શ્રધ્ધા' આપણને અંદરથી આવવી જોઈએ. તો જ આગળ વધાય છે. **'શ્રધ્ધા' એટલે શું ? તો મનમાં કાંઈ પણ વિચાર લાવ્યા વગર એક એક શબ્દ પ્રત્યક્ષ માનીને સત્‌શાસ્ત્રોના વચનનું પાલન કરવું એને 'શ્રધ્ધા' કહેવાય છે.** બીજા શબ્દોમાં કહીએ તો **'ભગવાનના વચનમાં વિશ્વાસ રાખવો.'** અને 'શ્રધ્ધા' કેમ જરૂરી છે ? તો શ્રધ્ધાની પાછળ 'જ્ઞાન' ટકીને રહે છે. **'શ્રધ્ધા' હોય તો જ 'જ્ઞાન' મળે છે. સમજાય છે. અને જીવનમાં જળવાઈ રહે છે. તો 'જ્ઞાન' એટલે શું ? સત્ અને અસત્‌નો ભેદ કરવાનો 'વિવેક' હોવો તેને 'જ્ઞાન' કહેવાય છે.** જેવી રીતે વ્યવહારિક જગતમાં આપણે જોઈએ તો જે પુત્ર આજ્ઞાંકિત હોય છે, માતા-પિતાના વચનોને સતત અનુસરીને રહે છે તેને જ માતા-પિતા પોતાની સંપત્તિ અને બધું આપે છે. એવી રીતે **અત્યંત 'શ્રધ્ધા' હોય તેને જ ભગવાન જ્ઞાનરૂપી સંપત્તિ આપે છે.** ભગવાનના વચનમાં વિશ્વાસ હોય સંપૂર્ણ શરણાગતિ હોય તેને જ 'જ્ઞાન' મળે છે. શ્રીકૃષ્ણ ભગવાનને અર્જુનને ક્યારે 'જ્ઞાન' આપ્યું ? તો અર્જુને સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી અને ભગવાનના વચનમાં વિશ્વાસ રાખ્યો ત્યારે, જ્ઞાની અને અજ્ઞાની કોને કહેવાય ? તો જ્ઞાનીને 'જડ' અને 'ચેતન' વચ્ચેનો ભેદ ખબર પડે છે. અજ્ઞાની પાસે 'જડ' અને 'ચેતન' વચ્ચેનો ભેદ સમજવાની દૃષ્ટિ નથી હોતી, જેવી રીતે દૂધ અને પાણીને ભેગા કરો તો જુદા ના પાડી શકાય. માત્ર હંસ જ એને જુદું કરી શકે. એવી રીતે જ્ઞાની હોય તે જ 'જડ' અને ચેતનને જુદું જાણે છે. યથાર્થ સમજી શકે છે. 'જડ' અને 'ચેતન' વચ્ચે બારીક લીટી છે. જે જ્ઞાની પાસે અંતરનો વિવેક હોય છે. તે જ સમજી શકે છે. અજ્ઞાનીને સમજવાનો ભાવ પણ નથી અને સત્તા પણ નથી. જ્ઞાની હોય છે તે વધારે આત્માને સાચવે છે. પ્રથમ સ્થાન આત્માને આપે છે. અને અજ્ઞાની હોય છે તે માત્ર શરીરને સાચવે છે. આ શરીરને બહુ મહત્વ નહિ આપવાનું બરાબર છે. થોડું સાચવવું પણ પડે કેમ કે ? આ મનુષ્ય શરીર એક જ ભવસાગરને પાર ઉતરવાનું માધ્યમ છે. બધુ પ્રમાણસર રાખવુ પડે. વધારે પડતું ખાઈ પણ નહિ લેવાનું અને વધારે પડતું ઉંઘી પણ નહિ જવાનું માપમાં રહેવું જ પડે. જો સુખી જીવન જીવવું હોય અને શરીરને નિરોગી રાખવું હોય તો આપણે આપણી જાતને છેતરીએ છીએ આપણું અંતઃકરણ શુધ્ધ નથી રાખતા. આપણું અંતઃકરણ શુધ્ધ રાખીએ એનાથી મોટી વસ્તુ કાંઈ નથી. બીજાની વાત નહિ પણ પોતે પોતાની જાતને ના છેતરીએ તો પણ સારુ છે. અને સારુ છે કે આપણને બીજાના મનની વાતની ખબર નથી. અને માનો કે આપણને એવી શક્તિ મળી જાય તો આપણે બીજાના મનની વાત જાણી લઈએ તો શું થાય ? કેટલો ઝગડો થઈ જાય ? અને આપણને આપણો પહેલાનો જન્મ યાદ નથી એ પણ સારુ છે. નહિ તો જીવન જીવવાનું મુશ્કેલ થઈ જાય. અને પોતાની જાત માટે થોડું કઠોર પણ બનવું પડે. 'શરીર માગે તે બધુ આપી નહિ દેવાનું.' સત્સંગમાં આવ્યા પછી પણ આપણા અંતરમનમાં કાંઈ ફેર ના પડે તો ના ચાલે ને ? તમે બધા નિયમિત સત્સંગમાં આવો છો તો અંદર ફેરફાર ના થાય તો **પોતાની જાતને પૂછવું પડે અને થોડું વિચારવાનું.** જો આપણને તાવ આવ્યો હોય તો ખાવાનું ભાવતું નથી. કડવું લાગે છે. તો ના ખાઈએ તો શું થાય ? વધારે અશક્તિ આવી જાય અને 'રોગ' મટવાને બદલે વધી જાય. માટે બિલકુલ ખાવાનું છોડી નહિ દેવાનું. ચરી પાળીને દવા લઈને પણ થોડું થોડું જમતા રહો તો શક્તિ આવશે ને તાવ જશે. એવી રીતે સત્સંગમાં આવો અને અંતરમાં કાંઈ ઉતરે નહિ તો સત્સંગ છોડી નહિ દેવાનો પરંતુ વિચારવાનું કે આપણા અંદર કાંઈક રોગ થયો છે. **તો નિયમરૂપી ચરી પાળવાની. અહિંયા સત્સંગમાં જે નિયમો શીખવાડવામાં આવે છે તેનો લાભ લેવાનો.** જો તમે બિમાર હશો ત્યારે તમે ગમે તેટલો પૌષ્ટિક

આહાર લેશો તેનો લાભ થશે નહિ. એવી રીતે આપણા અંદર જ્યારે અવગુણરૂપી રોગ આપણા સ્વભાવમાં હશે ત્યાં સુધી ગમે તેટલો સત્સંગ કરશું તો તેનો લાભ આપણને પ્રાપ્ત થશે નહિ. **તો આપણું અંતરમન શુધ્ધ રાખવાનો પ્રયત્ન કરવાનો અને સત્સંગમાં આવવાનું પણ ચાલુ રાખવાનું. તો ધીમે ધીમે ફાયદો થશે.** જીવનમાં કોઈપણ બાબતની આસક્તિ નહિ રાખવાની અને ભગવાન પાસે પણ 'અપેક્ષા' નહિ રાખવાની. ખાલી સદ્‌બુદ્ધિની માગણી કરવાની. સદ્‌બુદ્ધિ વર્તાય ત્યારે સમજી જવાનું કે ભગવાનની 'કૃપા' થઈ ગઈ છે. **આપણા ઉપર તો થઈ જ ગઈ છે એટલે તો અહિંયા બેઠા છીએ અને આપણને અહિંયા બેસવાની ઈચ્છા થાય છે. એ જ સાબિતી છે કે ભગવાને સદ્‌બુદ્ધિ આપી છે. તો સત્સંગમાં બેસીને અંતરમનમાં તપાસ કરવાની કે આપણામાં ક્યાં ખોટ છે? શું અવગુણ આપણી અંદર છે ? આપણે માયાના જગતમાં ક્યાં ખોટ છે ? શું અવગુણ આપણી અંદર છે ?** આપણે માયાના જગતમાં છીએ એટલે અવગુણ તો આપણામાં હશે જ પણ એને દૂર કરવા પ્રયત્ન કરવાનો છે.

**'સંત' અને 'સત્સંગ' આપણને જગાડે છે.**

**અને**

**'માયા' હાલરડું ગાઈને સૂવાડે છે.**

અને ઉંઘ બધાને વ્હાલી પણ હોય છે. જો આપણને બહુ જ ઉંઘ આવતી હોય અને કોઈ ઉઠાડે તો ખીજ ચડી જાય સૂવા દે ના જગાડે તો સારુ એવું થવા માંડે અને સૂવા દે તો કેટલા વ્હાલા લાગે. માયાનું કામ પણ અંતરઆત્માને સૂવડાવવાનું છે. પણ આપણે જાગૃત રહેવાનું છે. આ જીવ છે ને એ એક પાંજરામાં પુરાયેલા પંખી જેવો છે. પાંજરામાં પુરાયેલા પક્ષીની હાલત કેવી હોય છે. છૂટવા માટે પાંખો ફફડાવે છે. આપણને દયા આવે છે. ઉડાડી દઈએ એવું થાય છે. પાંજરુ ખોલીને બહાર કાઢવા માટે હાથમાં પકડીએ તો પક્ષી શું કરે છે ? આપણને જ 'ચાંચ' મારે છે. ઉડી જાય છે. અને થોડીવારમાં પાછું આવી જાય છે. કેમ કે ? પાંજરામાં રહેવાની ટેવ પડી ગઈ છે. એવી રીતે **મંદિર, સત્સંગ, ભગવાન એ બધું આપણને માયાથી મુક્ત કરાવવા માટે છે.** અને આપણે શું કરીએ છીએ ? 'ચાંચ' મારીએ છીએ. અર્થાત્ અવગુણરૂપી ખોટ કાઢીએ છીએ. કેમ કે ? આપણને લખચોર્યાસીમાં ફરવાની ટેવ પડી ગઈ છે. તો વાંક કોનો છે. આપણો જ છે. માટે ખાસ ધ્યાન રાખવાનું છે. જાગૃત રહેવાનું છે. **આવા 'નરનારાયણદેવ' મળ્યા છે. તો ૧૦૦% નમી જાઓ, જે ભગવાનની પાસે સંપૂર્ણ 'શરણાગત' થઈને નમી જાય છે ભગવાન એનું માથું જગતમાં ઉંચુ રાખે છે. આપણી સમક્ષ તો આવા આઠ આઠ 'આયુધ' ધારણ કરેલ ભરતખંડના રાજાધિરાજ 'નરનારાયણદેવ' ઉભા છે. કોઈની તાકાત નથી કે આપણું કાંઈ બગાડી શકે.** આપણે તો બસ ધ્યાન રાખવાનું છે કે આપણો પગ ક્યાં પડે છે. 'મન' જે બુદ્ધિમાં 'નિશ્ચય' થાય એ પ્રમાણે કાર્ય કરે છે. તો બુદ્ધિમાં 'નિશ્ચય' પાકો રાખવાનો કે આપણો પગ ક્યાં પડવો જોઈએ. અને ક્યાં ન પડવો જોઈએ. તો સાવધાન રહેવાનું. **આ સત્સંગ છે તે સૂતેલાને જગાડે છે. અને જાગતા હોય તેને સક્રિય કરે છે.** આપણા જીવનમાં બધુ આપણી ઈચ્છા પ્રમાણે નથી થતું. કાંઈક ઈચ્છાથી વિપરિત થાય તો પણ એવું વિચારવાનું કે જે થાય છે એમાં કાંઈક સારુ હશે. તો ભગવાન ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખો અને આગળ વધવાનો સતત પ્રયત્ન કરો.

## કાશ્મીરમાં આંતકવાદી હુમલામાં મૃત્યુ પામેલ દેશવાસીઓને ધર્મકૂળની શ્રધ્ધાંજલિ

કાશ્મીરના પહેલગામમાં આંતકવાદી હુમલામાં ૩૦ જેટલા નિર્દોષ લોકોની હત્યાના દુઃખદ સમાચાર જાણી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકૂળ ખૂબજ દુઃખની લાગણી અનુભવે છે. શહીદોના પરિવાર ઉપર આવેલી આપત્તિમાં પરમકૃપાળુ પરમાત્મા તેમને બળ પ્રેરે અને જે ઘાયલ થયેલા હોસ્પિટલમાં છે તે જલ્દી સાજા થઈ પૂર્વવત જીવન જીવે અને મૃતાત્માને ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના ચરણનું સુખ આપે એવી સમગ્ર ધર્મકૂળની પ્રાર્થના.

# સમૈયો

## ના ઉપલક્ષમાં

### ''સમૈયો''ના ઉપલક્ષમાં સંતો દ્વારા ગામોગામ સત્સંગ - સમાજલક્ષી પ્રવૃત્તિઓ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની સુંદર પ્રેરણાથી આપણા આગામી મહામહોત્સવ ''સમૈયો''ના ઉપલક્ષમાં આપણા નીચે મુજબના મંદિરોના પૂ. મહંત સ્વામીશ્રી તેમજ ઉત્સાહી હરિભક્તો દ્વારા થયેલી પ્રવૃત્તિઓની ઝલક

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ ''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રવૃત્તિઓ

પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત શ્રી બાલહનુમાનજી મહારાજની શુભ નિશ્રામાં અત્રે મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વા. નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મહિલા મંડળ અને સમસ્ત કાંકરિયા સત્સંગ સમાજના સાથ સહકારથી આગામી શિક્ષાપત્રી ''સમૈયો''ના ઉપલક્ષમાં અનેક વિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. તેમાં અમરાઈ વાડી મંદિરમાં ૩ સભાઓ, ઘોડાસર, વટવા, ખોખરા વિસ્તારમાં ઘર સભાઓ, તેમજ કાંકરિયા મંદિરમાં વસંતોત્સવ, સમૂહ મહાપૂજા, ઠાકોરજીને ૨૦૦ કિલો ફૂલોનો પુષ્પાભિષેક, શ્રી હનુમાનજી જન્મ જયંતી નિમિત્તે આયોજીત મારૂતિ યજ્ઞ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી મારૂતિ યજ્ઞના યજમાનશ્રીઓનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કાંકરિયા મંદિરથી કાલુપુર મંદિર પદયાત્રાનું આયોજન કર્યું હતું. દરરોજ કથા વાર્તા, દર શનિવારના શ્રી હનુમાન ચરિત્ર કથા અત્રેના યુવાન-ઉત્સાહી ખંતીલા મહંત સ્વામી શા. અભિષેકપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સુંદર રીતે કરી હતી. આગામી દિવસોમાં ''સમૈયો''ના ઉપલક્ષમાં ઘણી બધી પ્રવૃત્તિઓ, આયોજનો થવાના છે. સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી પણ પ્રવૃત્તિમાં જોડાયા હતા.

### ઈડર દેશ દ્વારા ''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રવૃત્તિઓ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર (ટોરડા)ના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી સ.ગુ. બ્ર. સ્વા. અવિનાશાનંદજી તેમજ સમગ્ર સત્સંગ સમાજ રતનપર ગામ દ્વારા શ્રી શિક્ષાપત્રી ત્રિદિનાત્મક પારાયણ પાર્ષદ શ્રી ઘનશ્યામ ભગતના વક્તાપદે થઈ હતી. ગામમાં દરેકના ઘરે શિક્ષાપત્રી આપીને તેનો મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. છેલ્લા દિવસે ઈડર-ટોરડા મંદિરના મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીએ સમગ્ર ગામને આપણા આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના ''સમૈયો''ની રૂપરેખા સમજાવી હતી. અત્રે ઈડર પ્રદેશના નીચેના ગામોમાં ''સમૈયોના'' ઉપલક્ષમાં સત્સંગ સભાઓનું આયોજન કર્યું હતું.

(૧) રતનપર તા. ૧૯-૩-૨૫ થી તા. ૨૧-૩-૨૫ (૨) અરોડા તા. ૨૬-૩-૨૫ થી તા. ૨૮-૩-૨૫ (૩) ઉમેદપુરા તા. ૩૧-૩-૨૫ (૪) ફિચોડ તા. ૮-૪ થી ૧૦-૪-૨૫ (૫) સાચોદર તા. ૧૪-૪ થી તા. ૧૫-૪-૨૫ (૬) બોલુન્દ્રા તા. ૧૭-૪-૨૫ (૭) દેવગઢ કંપા તા. ૧૯-૪-૨૫ (૮) નાના કોટડા તા. ૨૦-૪-૨૫.

સ.ગુ. મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (ટોરડા-ઈડર) અને પાર્ષદ ઘનશ્યામ ભગત આદિ સંત મંડળ ઈડર પ્રદેશના ગામોમાં ''સમૈયો''ના ઉપલક્ષમાં સુંદર પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. આગામી દિવસોમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

### શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર દ્વારા આગામી ''સમૈયો''ના ઉપલક્ષમાં થયેલી પ્રવૃત્તિઓ

સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ મહંતશ્રી) અને સંત મંડળ દ્વારા ગામોગામ ''સમૈયો''ના ઉપલક્ષમાં થયેલ પ્રવૃત્તિઓ.

શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર શ્રી હનુમાન જયંતી પ્રસંગે તૃતીય દિવસની રાત્રિય કથા-રાસ-ગરબા, અભિષેક દર્શન સિધ્ધપુરના બજરંગદળના ભક્તો દ્વારા દર ગુરુવારે કષ્ટભંજનદેવના આંગણે શ્રી હનુમાન ચાલીસા, ધૂન, ભજન, કીર્તન કરવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા (પંચવટી),

રાત્રિય સત્સંગ સભા, કથા-વાર્તા, ધૂન ભજન એજ રીતે બ્રાહ્મણ શેરી મંદિરમાં કથા-વાર્તા, ધૂન-ભજન કીર્તન થયા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર ચાણસ્મા, પાટણ, મંડલોપ આદિ મંદિરોમાં ભજન-કીર્તન ધૂન સભા કરવામાં આવી હતી.

વિહાર ગેરીતા દેશના મંદિરો વજાપુર, વિજાપુર, ભાણપુર, જેપુર, હાથીપુરા, સાંકાપુરા, રણછોડપુરા, ધનપુરા, ભીમપુરા આદિ ગામોમાં સંત-હરિભક્તોએ સાથે મળી ધૂન-ભજન કીર્તન કથા વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

આગામી દિવસોમાં દરેક નાનામોટા ગામોમાં સત્સંગ સાથે સામાજીક પ્રવૃતિઓનું પણ આયોજન થશે.

**બાપુપુરા ગામે ''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રવૃત્તિઓ**

અત્રે ગામમાં સમૈયોના ઉપલક્ષમાં પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. શા. સ્વા. અજયપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી)ના માર્ગદર્શનથી શ્રી રામનવમી એવમ્ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ તા. ૬-૪-૨૫ ચૈત્ર સુદ-૯ રવિવાર મહાપૂજા એવમ્ યજ્ઞ, બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવ આરતી-પૂજન રાત્રે ૯ થી ૧૦ સત્સંગ કીર્તન સભા રાત્રે ૧૦-૧૦ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, આરતી. ગામમાં ૯ થી ૧૨ સુધી પક્ષીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાપુપુરા મંદિરના કોઠારી વિપુલભાઈ અમૃતભાઈ ચૌધરી અને ગામના સર્વે હરિભક્તોએ સમૈયોના ઉપલક્ષમાં આજુબાજુના ગામોમાં પણ અનેક વિદ્ય પ્રવૃત્તિનું આયોજન કરવાના છે. ગામમાં દરેક ઘરે મહામંત્રલેખન નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ.ભ. ડૉ. જયેશભાઈ પોતાની ડૉકટરની પ્રેકટીસમાંથી સમયનું મોટું યોગદાન આપી સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે. અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીએ તેઓને ''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રવૃત્તિઓ કરવા ખાસ સૂચન પ્રેરણા કરી છે. અત્રે બાલમંડળ પણ સુંદર રીતે ચાલે છે.

**ગોતા વિસ્તારમાં ''સમૈયો''ના ઉપલક્ષમાં સત્સંગ સભા**

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં ગોતા, શાયોના આગમન વંદે માતરમ વિસ્તારમાં સૌ પ્રથમવાર અહીં સત્સંગ સભાનું ખૂબજ સુંદર આયોજન તા. ૫-૪-૨૦૨૫ ના રોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન થયું હતું. આ સભા પ્રસંગે અમદાવાદ મંદિરથી પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ) ભંડારી સ્વામી આદિ સંત પાર્ષદ મંડળે કથા વાર્તા, ધૂન, ભજન કીર્તન કરી આપણા આગામી મહા મહોત્સવ ''સમૈયો''ની રૂપરેખા સાથે માહિતી આપી હતી. પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી આ સભાનું આયોજન થયું. જેમાં ૫૦૦ ઉપરાંત હરિભક્તોએ લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું. દરેક હરિભક્તો માટે ફળાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - લુણાવાડા દ્વારા આયોજિત શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ ''સમૈયો''ના ઉપલક્ષમાં સત્સંગ સભા**

તારીખ- ૧૨-૪-૨૫ ને શનિવાર હાથપાળિયા ગામે સત્સંગ સભા, તારીખ ૧૩-૪-૨૫ ને રવિવારના રોજ લાડપૂર ગામે સત્સંગ સભા, તારીખ ૧૪-૪-૨૦૨૫ ને સોમવારના રોજ દીવડા કોલોની ખાતે સત્સંગ સભા, તારીખ ૧૫-૪-૨૫ ને મંગળવારના રોજ (શાંતિ નગર-લુણાવાડા ) પ.ભ દુષ્યંતભાઈના ઘરે સત્સંગ સભા, તારીખ ૧૯-૪-૨૫ ને શનિવારના રોજ શહેરા ગામે સત્સંગ સભા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-લુણાવાડા)

॥ મંદિર ॥

**શાંતિગ્રામ (અદાણી)**

**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા તેના અંતર્ગત તમામ કાર્યક્રમો હાલ અસહ્ય ગરમીના કારણે મોકૂફ રાખેલ છે. હવે પછીની તારીખ ટૂંક સમયમાં જણાવવામાં આવશે.**

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીરામનવમી સમૈયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને પ્રાતઃ ૬-૩૦ કલાકે અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચારપૂર્વક વિધિસર રીતે સંપન્ન થયો હતો. પાટોત્સવના યજમાન અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત, અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત - હ. પ.ભ. પ્રવિણભાઈ વી. નસીત, પ.ભ. નરસિંહભાઈ વી. નસીત, રેખાબેન પી. નસીત, પ્રભાબેન એન. નસીત, ચિ. નીલ, મૌલિક (અમદાવાદ) આદિ પરિવારનું પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સન્માન કરી અંતરપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રસાદીના સભા મંડપમાં દર વર્ષની જેમ સવારના ૬-૦૦ થી સાંજના ૬-૦૦ પર્યન્ત અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો શુભારંભ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. સુંદર શણગારેલા સભા મંડપમાં સંત-હરિભક્તોએ ધૂનની વાજીંત્ર, તબલા, દોકડના તાલે રમઝટ બોલાવી હતી. ચોકને પણ મંડપ ડેકોરેશન કરી શણગારવામાં આવ્યો હતો. જ્યાં બહેનોએ સતત ૧૨ કલાક સુધી શ્રીહરિના નામ સ્મરણ ધૂન કરી હતી. નાના બાળકો, યુવાનો અને વૃધ્ધ હરિભક્તો ધૂનમાં મોટી સંખ્યામાં નજરે પડતા હતા. સંતોએ સતત એક ચિત્તે બેસીને ૧૨ કલાક સુધી ધૂન કરી હતી. પૂ. મહંત સ્વામી અનેક પ્રવૃત્તિ વચ્ચે પણ હરિભક્તોનો ઉત્સાહ વધારવા ધૂનમાં બેસી લાભ લેતા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધૂનનો લાભ લેવા ખાસ પધાર્યા હતા. બપોરે ૧૨-૦૦ કલાકે મંદિર ઉપર મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્રજી ભગવાનની જન્મોત્સવ આરતી કરવા પધાર્યા હતા.

પૂ. મહંત સ્વામીએ તમામ દર્શનાર્થીઓ માટે સુંદર, ફળાહારની વ્યવસ્થા કરી હતી. છાશ, તડબૂચ, ઠંડુ પાણી આદિ પાઈને યુવક મંડળે સૌને તૃપ્ત કર્યા હતા. સાંજે ૬-૦૦ કલાકે સભા મંડપમાં આજના ધૂનના યજમાન પ.ભ. વિનોદભાઈ ધનજીભાઈ પટેલ (મણીપુરાવાળા) - હ. રોનક, રવિ (આર્જવ, સ્વર) આદિ પરિવારનું પૂ. મહંત સ્વામીએ ઠાકોરજીનો પ્રસાદીનો પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું. સભામાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. રામ સ્વામી, પૂ. મહંત સ્વામી આદિ સંતોએ આગામી ''સમૈયો''ની વિગતવાર માહિતી સભામાં સૌને જણાવી હતી.

સમગ્ર પ્રસંગનું સભા સંચાલન - સમગ્ર ઉત્સવ સમૈયાનું અદ્‌ભુત આયોજન, પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ અમારા નવયુવાન પૂ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ ખૂબ સુંદર રીતે કર્યું હતું. ધૂનની પૂર્ણાહુતિની આરતી સંતો, યજમાન પરિવાર સાથે રહીને કરી હતી. ધૂનમાં શહેર અને અનેક પરા વિસ્તારના મંડળોએ સતત ધૂનમાં લાભ લીધો હતો. સંગીતની દરેક ટીમે આજે મહારાજને રાજી કરવામાં કોઈ કમી નહોતી રાખી. રાત્રે ૮ થી ૧૦ સુંદર શણગારેલા ચોકમાં રોશનીની ઝાકમજાળ વચ્ચે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બહેનોના વિભાગમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં રાસ ગરબા ધૂન કરીને યુવા કલાકાર શ્રી ઋષભ આહિર અને તેમની ટીમે સૌને આનંદિત કરી દીધા હતા. રાત્રે ૧૦-૧૦ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારીને હજારો દર્શનાર્થીઓને અલૌકિક સુખ આપ્યું હતું. જન્મોત્સવના યજમાન પ.ભ. રસિકભાઈ રાજાભાઈ ઝવેરી (જામનગરવાળા)એ મહા અલૌકિક લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ-સભા શ્રી ગણપતિજી - શ્રી હનુમાનજી મહારાજની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં દર પૂનમે ધર્મકૂળની નિશ્રામાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન થાય છે. ચૈત્રી પૂર્ણિમા તા. ૧૨-૪-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી સુવ્રતસ્વરૂપદાસજીએ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી હનુમાન જયંતી પ્રસંગે અમદાવાદ મંદિરમાં બિરાજમાન શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂર્તિના સ્વરૂપને કલર, ચાંદીના સિંહાસન-દરવાજા-જાળી આદિનું રિનોવેશન છેલ્લા ૪ માસથી ચાલતું હતું. જે પૂર્ણ થતા મારૂતિ યજ્ઞનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે બન્ને દેવની પુનઃ

પ્રાણપ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. પૂજારી પાર્ષદ બાબુ ભગતે આ પ્રસંગે સુંદર સેવા બજાવી હતી.

પૂનમની સભાનું સભા સંચાલન પૂ. સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. શ્રી હનુમાનજી-શ્રી ગણપતિજી મહારાજના સિંહાસન આદિનું પુનઃ રિનોવેશન કામ પૂ. મહંત સ્વામીની સીધી દેખરેખ હેઠળ થયું હતું. (કોઠારી સ્વામી)

**ધમાસણા ગામના બાળકોની ધમાસણાથી આદરજ પદયાત્રા**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ દેશના ગામોના બાળમંડળો વેકેશનમાં ધાર્મિક પ્રવૃત્તિમાં ખૂબ રસ લઈ રહ્યા છે. હમણા ધમાસણા ગામથી બાળકો દ્વારા પ્રસાદીના આદરજ ગામે દર્શનાર્થે પદયાત્રા યોજી હતી. આદરજ મંદિરના પૂ. રામકૃષ્ણદાસજી સ્વામીએ બાળકોને રસ પડે તેવી બાળ ઘનશ્યામની લીલાઓ સંભળાવીને પ્રસાદ જમાડ્યો હતો.

આપ પણ આપના ગામમાં વેકેશન દરમ્યાન બાળકોની વિશેષ પ્રવૃત્તિઓ થઈ હોય તેની ફોટા સાથે માહિતી આપણા શ્રી સ્વામિનારાયણ અંકમાં મોકલાવશો તેવું પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ખાસ સૂચન છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, બાયડ સ્ટેશન પુનઃ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણા માર્દર્શનથી તેમજ સ.ગુ. પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના સુંદર આયોજનથી બાયડ સ્ટેશન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૪-૪-૨૦૨૫ થી તા. ૧૮-૪-૨૦૨૫ દરમ્યાન શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણ પૂ. સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી (બાવળા મહંતશ્રી)ના વક્તાપદે બાયડ ગામના તમામ હરિભક્તોએ કથાનું શ્રવણ કરી ધન્ય બન્યા હતા.

તા. ૧૮-૪-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી.

ત્યારબાદ સભામાં બિરાજમાન થઈ ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ગામના હરિભક્તોએ ખૂબજ તન, મન અને ધનથી સેવાનો લાભ લીધો હતો.

સભાનું સુંદર સંચાલન શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા મંદિર)એ શોભાવ્યું હતું.

(શા. સ્વા. ભક્તિનંદનદાસજી - બાવળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી બળદેવપ્રસાદદાસજી અને સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીના સુંદર આયોજનથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના સુંદર માર્ગદર્શનથી તા. ૬-૪-૨૦૨૫ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા ખાતે જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની મહામંત્ર ધૂનના પ્રારંભ પ્રસંગે જેતલપુરધામથી જનમંગલ સ્વામી આદિ સંતમંડળે કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. અત્રેના ઘનશ્યામ બાળમંડળે બાળલીલાની સુંદર વાતો કરી હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - આદિશ્વરનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (જેતલપુર પ્રદેશ)**

જેતલપુરધામ નિવાસી બળીયાદેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામનો વાર્ષિક પાટોત્સવ તા. ૧૧-૪-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી, પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, મહેસાણા, નારણપુરા મંદિરના મહંત સ્વામી આદિ સંતોએ પધારી કથા વાર્તા કરી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. સંતોએ જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન કરવા હરિભક્તોને સૂચન કર્યું હતું.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજન અને બાલાસિનોરના સમસ્ત હરિભક્તોના સાથ-સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) ૧૮૪ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો ૧૦ મો પાટોત્સવ તા. ૨૬-૩-૨૦૨૫ ના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામના

સંતો, બ્રહ્મચારી સંતો આદિએ પધારી કથાવાર્તા કરીને જેતલપુરધામના દ્વિશતાબ્દી મહોત્સવની જાહેરાત કરવામાં આવી હતી. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરા (બોરવાળુ)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી જેતલપુરધામે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ઉજવાનાર આગામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં મણીપુરા (બોરવાળું) ગામે તા. ૨૩-૩-૨૦૨૫ ના રોજ ૨૦૦ કલાકની મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, બ્રહ્મચારી સ્વામી હરિસ્વરૂપાનંદજી, સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આદિ સંતોએ પધારી કથાવાર્તા કરીને ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલનો ૧૧૪ મો વાર્ષિક પાટોત્સવ તા. ૭-૪-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. વડીલ સંતશ્રી શ્યામ સ્વામી, પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પૂ. મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજી (બાવળા), સ.ગુ. મહંતશ્રી વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા) આદિ સંત-પાર્ષદ મંડળે પધારીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. સંતોએ જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

(કોઠારીશ્રી માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાના ૧૩૦ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા)ના વક્તાપદે જેતલપુરધામના મહિમાની કથા સંભળાવી હતી. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, બ્ર.શા. સ્વામી હરિસ્વરૂપાનંદજી આદિ સંત મંડળે પધારી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના પૂર્વ આયોજનની રૂપરેખા સમજાવી હતી. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (હળવદ રોડ) (બહેનોનું) ૫ મો વાર્ષિક પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના રાજીપા-પ્રેરણાથી તેમજ બહેનોના મંદિરમાં સેવા પૂજા કરતા પૂ. સાં. કંચનબા આદિ સાંખ્યયોગી બાઈઓના સુંદર પ્રયાસથી ધ્રાંગધ્રા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૩-૩-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. સાંખ્યયોગી બહેનોએ ૨૭ વચનામૃત પારાયણ, બાલ ચરિત્ર પારાયણ, ૫૦૦ કલાક મહામંત્ર ધૂન, આદિ ધાર્મિક કાર્યક્રમ ''સમૈયો''ના ઉપલક્ષમાં કર્યા હતા. ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવી સૌને દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે હળવદ, ઉંઝા મંદિરથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. (પ્રતિ. અનિલ દૂધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**''સમૈયો''ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (બ્લેક ટાઉન - આઈ.એસ.એસ.ઓ.) ૨૦ મો પાટોત્સવ મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળના રાજીપા-આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સીડનીના સમસ્ત હરિભક્તોના સાથ સહયોગથી સીડની (બ્લેક ટાઉન આઈ.એસ.એસ.ઓ.) મંદિરમાં ઠાકોરજી બિરાજ્યા તેને જોત જોતામાં ૨૦ વર્ષના વહાણા વાઈ ગયા. નાના છોડમાંથી મોટું વટવૃક્ષ બન્યું. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, બહેનોના સત્સંગ માટે પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી ઓસ્ટ્રેલીયામાં સત્સંગની શરૂઆત થઈ ત્યારથી સમસ્ત ધર્મકુળ અને આપણા સર્વે સંતો દર વર્ષે સત્સંગની ભાવિ પેઢી માટે અને હરિભક્તોના ધંધા, બિજનેશ, જોબ માટે સતત ચિંતા કરીને તેમના શ્રેય કલ્યાણ માટે રાત દિવસ દાખડો કરતાં આવ્યા છે. ત્યાંથી અહીં કોઈ ફંડ ક્યારેય લાવ્યા નથી. પ.પૂ. મહારાજશ્રી અને ધર્મકુળ તો એમાં માનતા જ નથી. વિદેશના હરિભક્તોને તેમના મંદિર

અને સત્સંગના વિકાસ માટે તેમનું ફંડ વપરાય છે ત્યારે જ આપણા શ્રી નરનારાયણદેવ દેશ (આઈ.એસ.એસ.ઓ.)ના વિદેશમાં સેંકડો મંદિરો થયા છે અને નવા દર વર્ષે થતા જ જાય છે.

તા. ૧૯-૪-૨૦૨૫ થી તા. ૨૧-૪-૨૦૨૫ દરમ્યાન સીડની મંદિર ખાતે સમગ્ર ધર્મકુળની નિશ્રામાં અને પૂ. સંતોની ઉપસ્થિતિમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે વનવિચરણ ગ્રંથની કથા સંગીતના અલૌકિક સૂર સાથે સીડનીના હજારો કથા પ્રેમીઓએ કથા શ્રવણ કરી ખૂબ ભાવ વિભોર થઈ ગયા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ છેલ્લા દિવસે પૂર્ણાહુતિના દિવસે નિજ મંદિરમાં ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે કરી અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં બિરાજી બન્ને શ્રીહરિના અપર સ્વરૂપોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોના સત્સંગને પોષણ આપવા અને તેમનો ઉત્સાહ વધારવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રીરાજા સીડનીના આપણા બન્ને મંદિર (બ્લેક ટાઉન અને કિંગ્સપાર્ક મંદિર સમગ્ર ધર્મકૂળે પધારીને હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા.

અત્રે સંત મંડળમાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, પૂજ્ય શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, પૂ. બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી, પૂ. સ.ગુ. પૂ. મહંત સ્વામી સિધ્ધેશ્વરદાસજી (ઈડર-ટોરડા), પૂ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી (પોરડા), શ્રીજી સ્વામી, ધર્મકુળના હજૂરી પાર્ષદ શ્રી વનરાજ ભગત, શ્રી શૈલેષ ભગત આદિ સંત-પાર્ષદ મંડળ મોટી સંખ્યામાં પધાર્યા હતા. સીડનીથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત પાર્ષદ મંડળ સાથે તા. ૨૧-૪-૨૦૨૫ ની સાંજે પર્થમાં આપણા મંદિર પધાર્યા હતા ત્યાં ૨ દિવસ સત્સંગ સભામાં લાભ આપી સૌને રૂડા આશીર્વાદ આપી ''સમૈયો'' ઉત્સવમાં સૌને પધારવા ખાસ સૂચન કરી ત્યાંના સત્સંગનું પોષણ કરી સ્વદેશ પધાર્યા હતા.

**આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સીડની (બ્લેક ટાઉન) મંદિરના ૨૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી**

આપણા શ્રી નરનારાયણદેવ દેશના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૮-૪-૨૦૨૫ થી તા. ૨૧-૪-૨૦૨૫ પર્યન્ત ઓસ્ટ્રેલીયાના સીડની (બ્લેક ટાઉન) મંદિરના ૨૦ માં પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા. નિજ મંદિરમાં કથા પારાયણમાં બિરાજી કથા-શ્રવણ કરી મંદિરમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી કરી સતત ૩ દિવસ યુવા હરિભક્તો સાથે સત્સંગના પોષણ અને ભાવિ પેઢીને સુરક્ષિત રાખવા અનેક ભલામણ કરી, સમૈયો માં સૌને ખાસ પધારવા સૂચન કરી સૌને રાજી કર્યા હતા.

**ઓસ્ટ્રેલીયામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા, સાં. ગીતાબા, સાં. મધુબા આદિ બહેનો સાથે સીડની (બન્ને) મંદિરમાં બહેનોને દર્શન આશીર્વાદ આપવા ઠાકોરજીના ૨૦ માં પાટોત્સવ પ્રસંગે તા. ૧૮-૪-૨૦૨૫ થી તા. ૨૧-૪-૨૦૨૫ દરમ્યાન પધાર્યા હતા. સીડની (બ્લેક ટાઉન) મંદિરમાં ૨૦ માં પાટોત્સવ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપી આપણા સીડની કિંગ્સપાર્ક મંદિરમાં બહેનોને દર્શન આશીર્વાદ આપી તા. ૨૨-૪-૨૦૨૫ ના રોજ મેલબોર્નના આપણા મંદિરો બોરોનીયા, ડેરીમટ, કે.સી. પધારીને બહેનોની સભામાં રૂડા આશીર્વાદ આપી બહેનોના સત્સંગને નવ પલ્લવિત કરી તા. ૨૪-૪-૨૦૨૫ ના રોજ એડીલેડ પધારી આપણા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી, દર્શન કરી બહેનોની સભામાં રૂડા આશીર્વાદ આપી તા. ૨૫-૪-૨૦૨૫ થી તા. ૨૬-૪-૨૦૨૫ સુધી પર્થના આપણા મંદિરમાં સતત ૨ દિવસ સત્સંગ સભા, ઠાકોરજીની આરતી કરી સૌ બહેનોને શ્રી નરનારાયણદેવની ઉત્તરોત્તર નિષ્ઠા વધે તેવા આશીર્વાદ આપી બહેનો ઉપર ખૂબજ રાજી થયા હતા. આમ ઓસ્ટ્રેલીયાના આપણા દરેક સ્ટેટમાં આવેલા મંદિરોમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એક વિક સુધી બહેનોને અવિરત સત્સંગનું અલૌકિક સુખ આપી સૌને ''સમૈયો'' પ્રસંગમાં પધારવાનું આમંત્રણ આપી સ્વદેશ પધાર્યા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાલે નોર્થ કેરોલીના (અમેરિકા)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે રાલે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વર્ષ દરમ્યાન આવતા આપણા ઉત્સવો સંત-હરિભક્તો ધામધૂમથી ઉજવે છે.

ફાગણ સુદ-૧૫ તા. ૧૫ માર્ચ ૨૦૨૫ શ્રી નરનારાયણદેવ પ્રાગટ્યોત્સવ ફુલ દોલોત્સવ, રંગોત્સવ, હોલિકા દહન પ્રસંગે ઠાકોરજીને હરિભક્તો દ્વારા બનાવેલ અદ્ભુત ફુલોના વાઘા સંતોએ ધરાવી દર્શન કરાવ્યા હતા. અત્રેના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી વિશ્વવિહારીદાસજી ધૂન-કથા-કીર્તન, ઠાકોરજીના થાળ-આરતી ખૂબજ ભાવ, શ્રધ્ધા પ્રેમ સ્નેહપૂર્વક કરી ભગવાનને રાજી કરે છે, પૂ. શાસ્ત્રી સ્વામીએ સ.ગુ. માધવદાસજી સ્વામી કૃત શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃત સાગરની કથા કરીને હરિભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા. સ્વામીની પ્રેરણાથી હરિભક્તો પ્રસંગોપાત ઉત્સવના યજમાન બની સેવા કરે છે. શ્રી સ્વામિનારાયણ મંદિર રાલેનો ૮ મો પાટોત્સવ ૩૦ થી ૩૧ જૂનના રોજ ભવ્યતાથી ઉજવાશે. (જીજ્ઞેશભાઈ શેલત)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**મહા સુદ-૩** પ.ભ.અ.નિ. મેનાબેન ડાહ્યાભાઈ ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ.અ.નિ. ચિરાગભાઈ દશરથભાઈ મહેતા (અમદાવાદ). **મહા સુદ-૪/૫** પ.ભ. નવીનભાઈ ઈશ્વરભાઈ પટેલ (નરોડા), અ.નિ. સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી (અમદાવાદ), પ.ભ. શાંતાબેન શિવરામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હેત જયેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મિત પટેલ (અમદાવાદ), પ.ભ. કેશવભાઈ કે. પટેલ પરિવાર (અમદાવાદ). **મહા સુદ-૬** પ.ભ.અ.નિ. ખીમજી કરશનભાઈ (કેરા-કચ્છ), પ.ભ. યોગેશ હસમુખભાઈ ચાંદપરા (ગાંધીનગર). **મહા સુદ-૭** પ.ભ. ડી. એમ. વેકરીયા (અમદાવાદ), પ.ભ. રામભાઈ ગાંડાભાઈ પટેલ (પોર), પ.ભ. યુગ મિરલ પટેલ (અમદાવાદ). **મહા સુદ-૮** પ.ભ. પુષ્પાબેન બાબુલાલ પટેલ (વડુવાળા). **મહા સુદ-૯** પ.ભ. અશ્વિન નવનીતલાલ શાહ (મુંબઈ). **મહા સુદ-૧૦** પ.ભ. કૌશલ મહેશભાઈ પટેલ (અડાલજ), પ.ભ. વિનોદભાઈ પરસોતમદાસ પટેલ (સોજા), પ.ભ. બાલકૃષ્ણ નવીનભાઈ પટેલ (અમદાવાદ). **મહા સુદ-૧૧** પ.ભ. મુકેશભાઈ ધરમાભાઈ પટેલ (ડાંગરવા). **મહા સુદ-૧૨** પ.ભ. નારણભાઈ પશાભાઈ પટેલ (પિલુદરા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. મૌલિક રમેશકુમાર સોની (અમદાવાદ), પ.ભ. ક્રિષ્ણાબેન જયપ્રકાશ પટેલ (કરજીસણ), પ.ભ. રમેશભાઈ રણછોડભાઈ મારફતીયા (અમેરિકા), પ.ભ. મનનકુમાર સંતોષભાઈ ચૌધરી (માણેકપુર), સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (માણેકપુર), પ.ભ. ધ્રુવિત રાજેશકુમાર પટેલ (સાપાવાડા), પ.ભ. સન્ની વિષ્ણુભાઈ અને વિરેશ પટેલ (અમદાવાદ), પ.ભ. રસિકભાઈ ભીમજીભાઈ મકવાણા (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ.અ.નિ. હર્ષદરાય મહેતા. **મહા સુદ-૧૩** પ.ભ. ભીખાભાઈ પ્રભુદાસ પટેલ (પીલુદરા), પ.ભ. દેવ-મીત પ્રકાશભાઈ પટેલ (ગવાડા). **મહા સુદ-૧૪** પ.ભ. વાલજી કરશન હિરાણી (કચ્છ-ભુજ), પ.ભ. બળદેવભાઈ મહોતભાઈ ચૌધરી (બાલવા). **મહા સુદ-૧૫** પ.ભ. રતનબેન રામજી ગોરસીયા (માધાપર-કચ્છ), (પૂનમ યજમાન) પ.ભ.અ.નિ. ઘનશ્યામભાઈ નારણદાસ પટેલ (રાજપુરવાળા), પ.ભ. જીગર અશોકકુમાર જે. પટેલ (ડાંગરવા), પ.ભ. અમી કૌશિકકુમાર વાઘાણી (અમદાવાદ).

**મહા વદ-૧** પ.ભ.અ.નિ. ગીતાબેન અરવિંદભાઈ પટેલ (અમદાવાદ). **મહા વદ-૨** પ.ભ. જીયાન હર્ષદભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. ભાવિકાબેન મનીષભાઈ વરસાણી, પ.ભ. મણીબેન પ્રવિણકુમાર ચૌધરી (ઈન્દ્રપુરા), પ.ભ. કમલેશભાઈ (બાયડ). **મહા વદ-૩** પ.ભ. પ્રવિણભાઈ છનાલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. રંજનબેન - મીનાબેન - પુનીતાબેન (અમદાવાદ), પ.ભ. પાર્થ મનસુખભાઈ બુહા (અમદાવાદ), પ.ભ.અ.નિ. રાજુભાઈ નારણભાઈ પટેલ (શિલજ), પ.ભ. વિનુભાઈ ગોવિંદભાઈ પટેલ (ધમાસણા). **મહા વદ-૪** પ.ભ. અજયભાઈ અરવિંદભાઈ પ્રજાપતિ (લગ્ન પ્રસંગે) (શિયાળ), પ.ભ. હસુમતીબેન અરવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ શંભુભાઈ દાવરા (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ ગાંડાલાલ પટેલ (ઘુમાસણ), પ.ભ. ભાવિક જે. શાહ (અમદાવાદ), પ.ભ. શામળદાસ ભીમજીભાઈ મોરડીયા (અમદાવાદ), પ.ભ. મધુસુદન એમ. પટેલ (અમદાવાદ), પ.ભ. મોહનભાઈ કે. કાચા (અમદાવાદ), પ.ભ. ગોવિંદભાઈ કેશાભાઈ પટેલ (સરખેજ). **મહા વદ-૫** પ.ભ. ધીરેનભાઈ રાદડીયા (નિકોલ). **મહા વદ-૬** પ.ભ. રાજેશભાઈ ધોળકિયા (અમદાવાદ). **મહા વદ-૭** પ.ભ. શ્રીનિધ્ધિ પરેશભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. સુરેખાબેન ભરતભાઈ કાંતિભાઈ પટેલ (કડી), પ.ભ.અ.નિ. જયંતીભાઈ સાંકળચંદ (અમદાવાદ). **મહા વદ-૮** પ.ભ. ચેતનાબેન પટેલ (અમદાવાદ), પ.ભ. ચેતનભાઈ એન. પટેલ (ઝુંડાલ), પ.ભ. સંજયકુમાર રસિકભાઈ પટેલ (શિલજ), ગં.સ્વ. શારદાબેન ચંદુલાલ પટેલ (કુકરવાડા), પ.ભ. રતનબેન મનજી કેરાઈ, મનજી દેવજી કેરાઈ (રામપરવેકરા-કચ્છ). **મહા વદ-૯** પ.ભ.અ.નિ. અરજણભાઈ કુરજીભાઈ (અમદાવાદ), પ.ભ. અવધ સુરેશભાઈ પટેલ (ચાંદીસણા). **મહા વદ-૧૦** પ.ભ. રવિભાઈ કૌશિકભાઈ ઠક્કર (બાવળા), પ.ભ. મંજુલાબેન નાનજીભાઈ હયાણી (નિકોલ), પ.ભ. પ્રજ્ઞાબેન પ્રકાશકુમાર ભાવસાર (મહેસાણા), ચિ. તમન્ના કરશનભાઈ પરમાર (ટીંબા-અમદાવાદ), પ.ભ.અ.નિ. ચંપાબેન નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિલાલ માવજીભાઈ ચોટલીયા (સુરત), પ.ભ. મેહુલભાઈ આંબાભાઈ પોકીયા (રણાસણ), પ.ભ. આકાશ હરેશભાઈ મોદી (અમદાવાદ), પ.ભ. ધર્મેશ પ્રવિણભાઈ ભાલાળા (બાપુનગર), પ.ભ.અ.નિ. પ્રભુભાઈ રાણાભાઈ સોલંકી (વણી), પ.ભ. રિંકેશ રાજેશકુમાર પટેલ (કાળીગામ). **મહા વદ-૧૧** પ.ભ. મીનાબેન અશોકભાઈ શામજીભાઈ (કણજરીયા-મેમકા). **મહા વદ-૧૨** પ.ભ.અ.નિ. બાબુભાઈ ભાલીયા (દુધાળા-અમદાવાદ), હરિૐ પરિવાર પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. ધમબાઈ ધનજી હરસીયાણી (કેરા-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **મહા વદ-૧૩** પ.ભ.અ.નિ. કંકુબેન સોમાભાઈ પટેલ (ચાંદખેડા). **મહા વદ-૧૪/30** પ.ભ. ઘનશ્યામભાઈ ઠક્કર (ગાંધીધામ-કચ્છ), પ.ભ. અનેરી વિરાજભાઈ પટેલ (રાજપુર-કડી), પ.ભ. મનુભાઈ પી. માલવીયા (માચીયાળા), પ.ભ. અલ્કાબેન પોરસકુમાર પટેલ (અમદાવાદ).

### અક્ષરવાસ

**વાલી (રાજસ્થાન-મારવાડ)** શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃધ્ધ સંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણપ્રિયદાસજી (ઉ. ૯૦ વર્ષ) તા. ૧૬-૪-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મારવાડના સત્સંગને મોટી ખોડ પડી છે.

**બામરોલી (મધ્યપ્રદેશ)** શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત સ.ગુ. સ્વામી હરિકેશવદાસજી ગુરુ સ.ગુ. સ્વા. મુકુન્દપ્રસાદદાસજી (ભુજવાળા) તા. ૧૭-૪-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji






આઈ.એસ.એસ.ઓ.સીડની,બ્લેક ટાઉન(ઓસ્ટ્રેલિયા) મંદિરના ૨૦ મા પાટોત્સવ પ્રસંગના દર્શન




પર્થ (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી



## ગોસેવા

સૌ હરિભક્તોને વિદિત થાય કે આપણા શ્રી નરનારાયણદેવ દેશ ગાદી સંચાલિત ગૌશાળા પાલજ (જિ.ગાંધીનગર) ચાલુ કરવામાં આવી છે. હાલમાં ૪૦ ગૌમાતા રાખવામાં આવેલ છે.

દેશ વિદેશના હરિભક્તો ગાય માટે ઘાસચારો કે રાખ રખાવટ માટે દાન આપવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે કાલુપુર મંદિરની કોઠાર ઓફિસમાં રકમ નોંધાવી પાકી પહોંચ મેળવી લેવી

- આજ્ઞાથી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



ગજોડ - લેર (કચ્છ)માં ગોરસીયા ફાઉનડેશન દ્વારા ચાલતી ગૌ શાળાની મુલાકાત લીધી ત્યારે ત્યાંના ભલાભોળા માલધારીઆને આત્મીય ભાવથી મળતા આપણા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





ખોલડીયાદ (મૂળી પ્રદેશ) બહેનોના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી


પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

સમૈયો

23-1-2026 - 27-1-2026

સ્થળ:-

“પર્વ”ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિરની બાજુમાં,
જમીયતપુરા, અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ ઐક

જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૫-૩-૨૦૨૬ થી
તા. ૧૧-૩-૨૦૨૬

અધ્યક્ષ : પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી


Praful Kharsani